વર્ષઃ 5 અંકઃ 19

1-15 એપ્રિલ, 2025 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# મુદ્રા યુક્ત જન-શક્તિ

મુદ્રા યોજનાએ 10 વર્ષમાં ભારતમાં ઉદ્યોગસાહસિકતાના પરિદૃશ્યને બદલીને કર્યું છે સમાવિષ્ટ, ટકાઉ અને મૂલ્ય-આધારિત ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિનો વિકાસ

**દરિયામાં ગૌરવના 61 વર્ષ**

# પ્રમુખ દરિયાઈ શક્તિ
## તરીકે ઉભરી રહ્યું છે ભારત

**ભારતનો પોતાનો એક સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસ રહ્યો છે. માત્રાની દૃષ્ટિએ ભારતનો 95 ટકાથી વધુ અને મૂલ્યની દૃષ્ટિએ 74 ટકાથી વધુ વેપાર સમુદ્ર માર્ગે થાય છે, જેમાં 80 ટકા તેલ અને ગેસ સમુદ્રી માર્ગે આવે છે. આ દરિયાઈ સમૃદ્ધિનો મજબૂત પાયો એ લોકો છે જે ઘર અને પરિવારથી દૂર મહિનાઓ સુધી દરિયામાં રહીને ભારતના વૈશ્વિક વેપાર અને વાણિજ્યમાં નોંધપાત્ર યોગદાન આપે છે. આ લોકો પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે દેશ 5 એપ્રિલને રાષ્ટ્રીય દરિયાઈ દિવસ તરીકે ઉજવે છે, કારણ કે 1919માં આ જ દિવસે એસએસ લોયલ્ટી નામનું ભારતનું પ્રથમ વ્યાપારી જહાજ મુંબઈથી લંડન જવા રવાના થયું હતું. આઝાદી પહેલા જ્યારે ભારતના દરિયાઈ માર્ગો પર અંગ્રેજોનો એકાધિકાર હતો, ત્યારે આ એક ઐતિહાસિક ઉપલબ્ધિ હતી. આ પછી 1964થી દેશ દર વર્ષે આ દિવસે ઉજવી રહ્યો છે રાષ્ટ્રીય દરિયાઇ દિવસ ...**



*આપણે ધન્ય છીએ કે ભારત પાસે સમૃદ્ધ દરિયાઈ વારસો છે, આપણને તેના પર ખૂબ ગર્વ છે. રાષ્ટ્રીય દરિયાઈ દિવસ પર આપણે એ તમામને યાદ કરીએ જેમણે દરિયાઈ દુનિયામાં ભારતની પ્રગતિમાં યોગદાન આપ્યું અને બંદરના નેતૃત્વવાળા વિકાસ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી છે.*

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

न्यू ईन्डिया
# સમાચાર

વર્ષ: 5 | અંક: 19 | 1-15 એપ્રિલ, 2025

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

સલાહકાર સંપાદક
વિભોર શર્મા

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

ચીફ ડિઝાઈનર
શ્યામ તિવારી

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાના પર...




કવર સ્ટોરી
મુદ્રા યોજનાનું એક દશક

# મુદ્રા થી નીકળી ઉદ્યોગની અમૃત ધારા


એક દાયકા પહેલા શરૂ કરાયેલી પીએમ મુદ્રા યોજના હેઠળ અત્યાર સુધીમાં 52 કરોડથી વધુ લોનને મંજૂરી આપવામાં આવી છે. આજે એ જ ઉદ્યોગસાહસિકો જેના પર કોઈ વિશ્વાસ નહોતા કરતા, ગર્વથી કહી રહ્યા છે કે દેશ અમારા પર વિશ્વાસ કરે છે. કેન્દ્રની આ ક્રાંતિકારી યોજનાએ વચેટિયાઓથી મુક્ત કરીને લોકોને નાણાકીય સંસાધનોથી સજ્જ બનાવ્યા છે અને આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનાવ્યા છે, તેમાંથી નીકળી છે વિકસિત ભારતની અમૃત ધારા... | 14-27

બજેટ વેબિનાર
**વિકસિત ભારતના નિર્માણનો માર્ગ**



....જેથી દેશના છેવાડે બેસેલા નાગરિક સુધી પહોંચે સીધો લાભ | 10-13

**સમાચાર સાર** | 4-5

**સહકારિતામાં વૈશ્વિક ભાગીદારીથી વધશે સમૃદ્ધિ**
પીએમ મોદીએ સહકારી ક્ષેત્રની સમીક્ષામાં આપ્યો નવો મંત્ર | 28-29

**દેવભૂમિ ઉત્તરાખંડમાં ન હોય કોઈ ઑફ-સીઝન**
પીએમ મોદીએ ઉત્તરાખંડના શિયાળુ પ્રવાસન કાર્યક્રમમાં કર્યું આહવાન | 30-31

**કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય**
કેદારનાથ-હેમકુંડ સાહિબમાં બનશે રોપવે, પ્રોજેક્ટને મંજૂરી | 32

**જરૂરિયાતમંદોનું સશક્તિકરણ... વિકસિત રાષ્ટ્ર તરફ પ્રથમ પગલું**
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર પીએમ મોદીનો લખપતિ દીદીઓ સાથે સંવાદ | 33-35

**એનએક્સટી કોન્ક્લેવ: ઈનોવેશનની ભૂમિ બનતું ભારત**
સેમિકંડક્ટર્સથી વિમાનવાહક જહાજોના ક્ષેત્રમાં ખૂલી રહ્યો છે વિકાસનો માર્ગ | 36-37

**મોરેશિયસમાં વસે છે મિનિ ઈન્ડિયા**
પીએમ મોદીને મોરેશિયસનું સર્વોચ્ચ નાગરિક સન્માન | 38-39

વ્યક્તિત્વ: ડૉ. બિંદેશ્વર પાઠક
**દેશમાં શૌચાલય ક્રાંતિના જનક**



સામાજિક કાર્ય ક્ષેત્રે આપ્યું અભૂતપૂર્વ યોગદાન, 'પદ્મ વિભૂષણ' (મરણોત્તર) થી સન્માનિત | 40

સ્પેશિયલ રિપોર્ટ
મહિલા સશક્તિકરણ

નવેસરથી પોતાનું નાણાકીય ભવિષ્ય
**સર્જન કરી રહી છે ભારતીય નારી**



સરકારના પ્રયાસોએ સામાજિક અને આર્થિક ભાગીદારીથી લઈને આવશ્યક સેવાઓ સુધી મહિલાઓની પહોંચ વધારી છે, અને આની સીધી અસર સમાજમાં મહિલાઓની ભૂમિકા પર પણ પડી છે, જ્યાં તેઓ હવે નિર્ણાયક ભૂમિકાઓમાં પણ મજબૂતી સાથે વધી રહી છે આગળ... | 6-9



પ્રકાશક અને મુદ્રક - યોગેશ કુમાર બવેજા, મહાનિદેશક, CBC (કેન્દ્રીય સંચાર બ્યૂરો) | મુદ્રણ: ચંદુ પ્રેસ, 469, પટપરગંજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દિલ્હી 110 092 | પત્રવ્યવહાર અને ઈમેઈલ માટેનું એડ્રેસ: રૂમ નંબર 316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસીના રોડ, નવી દિલ્હી - 110001 | ઈમેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

# વિકસિત ભારતના સંકલ્પોમાં
# મહત્ત્વપૂર્ણ આધાર બની પીએમ મુદ્રા

સાદર નમસ્કાર

ભારત એક યુવા દેશ છે જે ઉત્સાહ અને આકાંક્ષાઓથી ભરેલો છે. આજે દેશમાં પ્રતિભાની કોઈ કમી નથી. કોઈ પણ વ્યક્તિ ભલે તે ગમે તે ક્ષેત્રમાં હોય કે ગમે તે વર્ગનો હોય, તેની પાસે કોઈ ને કોઈ ખાસ કુશળતા છે. આવી સ્થિતિમાં જરૂર હતી તે પ્રતિભાને ઓળખવાની અને તેને પ્રોત્સાહન આપવાની. પીએમ મુદ્રા યોજનાથી ઉદ્યોગસાહસિકો ખાસ કરીને યુવાનોના આ જ કૌશલ્યને એક દશકથી બળ મળી રહ્યું છે. દેશના યુવાનો, મહિલાઓ જે પોતાના પ્રયત્નોથી કંઈક કરવાની ઈચ્છાશક્તિ રાખે છે, તેમના માટે કેન્દ્ર સરકારની ક્રાંતિકારી યોજના - મુદ્રા, એક મોટી તક બની ગઈ છે. આ યોજના ફક્ત સ્વરોજગારીની તકો જ ઉભી નથી કરી રહ્યું પણ તેને લોકોને રોજગાર આપનારા પણ બનાવ્યા છે.

1 એપ્રિલથી નવું નાણાકીય વર્ષ શરૂ થઈ ગયું છે અને એ પણ એક સંયોગ જ છે કે ભારતીય અર્થતંત્રમાં ગેમ ચેન્જર સાબિત થયેલી 'મુદ્રા' યોજના એક દાયકો પૂર્ણ કરી રહી છે. મુદ્રા યોજનાની જાહેરાત વર્ષ 2015-16ના સામાન્ય બજેટમાં કરવામાં આવી હતી. તે જ વર્ષે 8 એપ્રિલ 2015ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેનું લોન્ચિંગ પણ કર્યું હતું. છેલ્લા 10 વર્ષમાં મુદ્રા એક એવું પ્લેટફોર્મ બની ગયું છે જેની સાથે નાની-મોટી નાણાકીય પ્રણાલીઓ કાર્યરત થઈ ગઈ છે. આ યોજનાએ સૂક્ષ્મ ઉદ્યોગોને લોન મેળવવાનું સરળ અને મુશ્કેલીમુક્ત બનાવ્યું છે. આનાથી મોટી સંખ્યામાં યુવા ઉદ્યોગસાહસિકોને પોતાનો વ્યવસાય શરૂ કરવામાં મદદ મળી છે. 'મુદ્રા'ને પ્રોત્સાહન આપવાના કેન્દ્ર સરકારના પ્રયાસો અને નીતિઓને કારણે લાખો MSME હવે ઔપચારિક અર્થતંત્રનો ભાગ બની ગયા છે. આનાથી તેમને ઊંચા વ્યાજ દરે લોન આપનારા શાહુકારોના શંકજામાંથી બહાર નીકળવામાં મદદ મળી છે. આ ઉપરાંત આ યોજનાથી પાયાના સ્તરે મોટી સંખ્યામાં રોજગારીની તકો ઉભી કરવામાં મદદ કરી છે. મુદ્રા યોજના આજે ઉત્પાદન, સેવા, છૂટક અને સંલગ્ન ગતિવિધિઓમાં આવકની સાથે-સાથે રોજગારની તકો ઉત્પન્ન કરીને ઉદ્યોગોના કલ્યાણની ખાતરી કરી રહી છે. વિકસિત ભારતના સંકલ્પોમાં એક મહત્ત્વપૂર્ણ આધાર બની ગયેલી મુદ્રા યોજના જ આ વખતે અમારા અંકની કવર સ્ટોરી બની છે.

આ સિવાય વ્યક્તિત્વ સીરિઝમાં સ્વચ્છતા ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન આપનારા પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત ડૉ.બિંદેશ્વર પાઠકને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો અને પખવાડિયા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અન્ય કાર્યક્રમોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સિવાય અંકની અંદર 5 એપ્રિલના રોજ ઉજવાતા રાષ્ટ્રીય દરિયાઈ દિવસ અને બેક કવર પર 14 એપ્રિલના રોજ બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ આ અંકની વિશેષતા છે. તમે તમારા સૂચનો અમને મોકલતા રહેજો.

धीरेन्द्र

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝિન વાંચો/ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




## ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનમાં તમામ ક્ષેત્રોના વિષયમાં હોય છે માહિતી

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના બધા જ નવીનતમ અંકો આકર્ષક કવર, ડિઝાઈન સાથે અને વિષય-કેન્દ્રિત ફોર્મેટ સાથે પ્રકાશિત થાય છે. આ મેગેઝિનમાં કોઈ પણ ક્ષેત્ર અસ્પૃશ્ય નથી રહેતું. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસતા તમામ ઉમેદવારોને આ વાંચીને ચોક્કસપણે ફાયદો થશે. તસવીરોથી મેગેઝિનનો અંક યાદ રાખવામાં સરળતા રહે છે.

પી પ્રેમા
pro.prema@gmail.com

## વર્તમાન ઘટનાઓનું વર્ણન કરે છે ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન

ન્યૂ ઈન્ડિયા સમાચાર એક ઉત્તમ પાક્ષિક મેગેઝિન છે. આ મેગેઝિન દેશમાં થઈ રહેલી વર્તમાન બાબતો અને વિકાસ કાર્યો વિશે માહિતી પ્રદાન કરે છે. મને આ મેગેઝિન વાંચવું ખૂબ ગમે છે. ન્યૂ ઈન્ડિયા સમાચારના પ્રકાશક, સંપાદક અને સમગ્ર ટીમને અભિનંદન.

પ્રો. (ડૉ.) મુકેશ અગ્રવાલ

## 2047 સુધીના વિકસિત ભારત અભિયાન વિશે મળે છે માહિતી

સતત ત્રીજી વખત દેશના પ્રધાનમંત્રી બનેલા નરેન્દ્ર મોદી ઈચ્છે છે કે ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બને. દેશમાં આ દિશામાં કામ શરૂ થઈ ગયું છે. આ તમામ કાર્યો વિશેની માહિતી આપણને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનના વિવિધ લેખોમાંથી મળે છે. આ મેગેઝિન સરકાર અને દેશની વિકાસ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપે છે.

સુમંત કુમાર સોમ
somsumanta2013@gmail.com

## સ્થૂળતા ઘટાડવા માટે થવા જોઈએ અસરકારક અને સાર્થક પ્રયાસો

તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં સ્થૂળતા વિશે વાત કરી હતી. આપણે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. આ દિશામાં અસરકારક અને સાર્થક પ્રયાસો ચાલુ રાખવા જોઈએ.

ટી.એસ. કાર્તિક
vtra1636@gmail.com

## મેગેઝિનના માધ્યમથી મળે છે વિકાસની માહિતી

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનનો નિયમિત વાચક છું. આ એક સારું મેગેઝિન છે. આ મેગેઝિન દ્વારા હું ભારતમાં થઈ રહેલા વિકાસ વિશે જાણી શકું છું.

જનાર્દન દેબતા


janardandebata63@gmail.com

પત્રવ્યવહાર અને ઈ મેઈલ માટેનું એડ્રેસઃ રૂમ નં-316, નેશનલ મીડિયા સેન્ટર, રાયસિના રોડ, નવી દિલ્હી - 110001 | ઈમેઈલ - response-nis@pib.gov.in

ન્યૂ ઈન્ડિયા સમાચાર ને આકાશવાણી પર સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# સમાચાર સાર

## સેલવાસમાં નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન



દાદરા અને નગર હવેલી આધુનિક ઓળખ સાથે ઝડપથી ઉભરી રહ્યું છે અને સેલવાસ એક એવું શહેર બની ગયું છે જ્યાં તમામ પ્રકારના લોકો રહે છે. અહીં નવી તકો ઝડપથી વિકસી છે. આ સંદર્ભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં સેલવાસમાં નમો હોસ્પિટલ (તબક્કો 1)નું ઉદ્ઘાટન કર્યું હતું. 460 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલી 450 બેડની આ હોસ્પિટલ અહીંના આરોગ્ય સેવાઓને ખૂબ જ મજબૂત બનાવશે. આ હોસ્પિટલ વિસ્તારના લોકોને ખાસ કરીને આદિવાસી સમુદાયોને અત્યાધુનિક તબીબી સારવાર પૂરી પાડશે. ઉદ્ઘાટન સમારોહમાં પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં આધુનિક આરોગ્ય સેવાઓનો નોંધપાત્ર વિકાસ થયો છે. આ કાર્યક્રમમાં 2,580 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

## UPI ચુકવણી લેવડ-દેવડમાં મોટો વધારો




છેલ્લા પાંચ નાણાકીય વર્ષોમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) દ્વારા ડિજિટલ ચુકવણી વ્યવહારોમાં સતત વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ 2024-25માં જાન્યુઆરી 2025 સુધીમાં 18,120 કરોડથી વધુના વ્યવહારો ડિજિટલ રીતે કરવામાં આવ્યા છે. તેનું મૂલ્ય 2330.72 લાખ કરોડ રૂપિયા છે. જ્યારે નાણાકીય વર્ષ 2020-21માં 4,370 કરોડથી વધુ વ્યવહારો ડિજિટલ રીતે કરવામાં આવ્યા હતા. દર વર્ષે નાણાકીય વ્યવહારોના આંકડામાં વધારો નોંધાયો છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન છેતરપિંડી અટકાવવા માટે સરકાર, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને આરબીઆઈ દ્વારા અનેક પહેલ કરવામાં આવી છે. આમાં ગ્રાહકના મોબાઈલ નંબર અને ડિવાઈસ વચ્ચે ડિવાઈસ બાઈન્ડિંગ, પીન દ્વારા ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન, દૈનિક લેવડ-દેવડ મર્યાદા, ઉપયોગના કેસોની મર્યાદા અને નિયંત્રણો વગેરેનો સમાવેશ થાય છે. એક રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in અને નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર '1930' પણ શરૂ કરવામાં આવ્યો છે.

## રેલવે 23 હજાર કિલોમીટર ટ્રેકને કર્યો અપગ્રેડ

ભારતે 130 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેનો ચલાવવા માટે 23 હજાર કિલોમીટરના રેલવે ટ્રેકને અપગ્રેડ કરવામાં સફળતા મેળવી છે. આ પગલું રેલવેને વધુ ઝડપી, સુરક્ષિત અને અસરકારક બનાવશે. આ અપગ્રેડ સાથે 54,337 ટ્રેક કિલોમીટરના ટ્રેકને પણ 110 કિલોમીટર પ્રતિ કલાકની હાઈ સ્પીડને સપોર્ટ કરવા માટે અપગ્રેડ કરવામાં આવ્યા છે. હવે દેશના રેલ નેટવર્કનો લગભગ પાંચમો ભાગ હાઈ સ્પીડ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ભારતીય રેલવે મુખ્ય સેમી-હાઈ સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ આ માળખાગત સુધારાઓનું ઉદાહરણ છે.






# ભારતની અર્થવ્યવસ્થામાં 10 વર્ષમાં 66%નો વધારો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું અર્થતંત્ર નવી ઊંચાઈઓ આંબતા 2015થી 2025 દરમિયાન 66% વધીને 3.8 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. આ સિદ્ધિ વિકસિત ભારતના નિર્માણ તરફનું બીજું એક મજબૂત પગલું છે. ફેબ્રુઆરીમાં જ ભારતની અર્થવ્યવસ્થાને લઈને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)એ આકલન કર્યું છે, જે મુજબ છેલ્લા 10 વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થામાં 66 ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા અંગેના બજેટ પછીના વેબિનારમાં પીએમ મોદીએ કહ્યું કે આ વૃદ્ધિ ઘણી મોટી અર્થવ્યવસ્થાઓ કરતાં વધુ છે. એ દિવસ દૂર નથી જ્યારે ભારત 5 ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનશે.

## યમુના નદી પર ક્રૂઝ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે થયા કરાર



ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) એ દિલ્હી સરકારના કેટલાક વિભાગો અને એજન્સીઓ સાથે કરાર કર્યા છે. કરાર મુજબ સોનિયા વિહાર અને જગતપુર વચ્ચે યમુના નદી(રાષ્ટ્રીય જળમાર્ગ 110)ના ચાર કિલોમીટર જળમાર્ગ પર ક્રૂઝ પ્રવાસન વિકસાવવામાં આવશે. આ ક્રૂઝ શરૂ થવાથી દિલ્હીના લોકોની સાથે-સાથે રાજધાનીની મુલાકાતે આવતા પ્રવાસીઓ પણ તેનો આનંદ માણી શકશે. પ્રદૂષણમુક્ત જળ પરિવહન સુનિશ્ચિત કરવા માટે ઈલેક્ટ્રિક અને સૌર હાઈબ્રિડ બોટ ચલાવવામાં આવશે. દરેક બોટમાં 20-30 મુસાફરોને લઈ જવાની ક્ષમતા હશે. આ બોટમાં બાયો-ટોઈલેટ, જાહેર જાહેરાત સિસ્ટમ અને મુસાફરોની સુરક્ષા માટે લાઈફ જેકેટની સુવિધા હશે.

## ખાદી કારીગરોના મહેનતાણામાં થશે 20%નો વધારો

કેન્દ્ર સરકારે 1 એપ્રિલ 2025થી ખાદી કારીગરોના મહેનતાણામાં 20% વધારો કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં સ્પિનર્સને ચરખા પર લચ્છા કાંતવા દીઠ 12.50 રૂપિયા મળે છે, જેમાં 1 એપ્રિલ 2025થી 2.50 રૂપિયાનો વધારો કરવામાં આવશે. હવે કારીગરોને લચ્છા કાંતવા દીઠ 15 રૂપિયા મળશે. છેલ્લા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે ખાદી કારીગરોના મહેનતાણામાં 275 ટકાનો ઐતિહાસિક વધારો કર્યો છે. છેલ્લા 10 વર્ષમાં ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોનું વેચાણ 5 ગણું એટલે કે 31000 કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ 2023-24માં 1,55,000 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. પ્રયાગરાજ મહાકુંભમાં પણ ખાદી ઉત્પાદનોનું 12.02 કરોડ રૂપિયાનું ઐતિહાસિક વેચાણ થયું હતું.



### નવેસરથી પોતાનું નાણાકીય ભવિષ્ય

# સર્જન કરી રહી છે ભારતીય નારી

*મહિલાઓ આર્થિક રૂપે સશક્ત બને છે, ત્યારે તેની અસર ફક્ત તેમના પરિવાર પર જ નથી દેખાતી, પણ રાષ્ટ્રના અર્થતંત્રમાં પણ મજબૂતીની નવી ગાથા લખે છે. આ વિચારને ધ્યાનમાં રાખીને છેલ્લા દશકમાં ભારતે તેની નાણાકીય વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરવાની સાથે એક એવા અભિયાનને મજબૂતી આપી છે જેમાં મહિલાઓ સફળતાની નવી વાર્તાઓ લખી રહી છે. નીતિ આયોગ અને ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની ટ્રાન્સયુનિયન સિબિલ સ્ટડી દ્વારા હાથ ધરવામાં આવેલા કેસ સ્ટડીમાં પણ સ્વીકારવામાં આવ્યું છે કે સરકારના પ્રયાસોથી સામાજિક અને આર્થિક ભાગીદારીથી લઈને આવશ્યક સેવાઓ સુધી મહિલાઓની પહોંચમાં વધારો થયો છે અને ઘણા ક્ષેત્રોમાં નક્કર સુધારા પણ થયા છે. આની સીધી અસર પરિવાર અને સમાજમાં મહિલાઓની ભૂમિકા પર પણ પડી છે, જ્યાં સ્વાયત્તતાની સાથે તેઓ હવે નિર્ણાયક ભૂમિકામાં પણ મજબૂતીથી વધી રહી છે આગળ...*

મહિલાઓની આર્થિક સ્વતંત્રતાને પ્રધાનમંત્રી જન ધન યોજનાએ મજબૂતી આપી છે તો બીજી બાજુ પીએમ મુદ્રા યોજના, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને સ્વ-સહાય જૂથો જેવી યોજનાઓએ તેમને આર્થિક રીતે સશક્ત બનાવી છે. મહિલાઓના સશક્તિકરણની દિશામાં કરવામાં આવેલા આ પહેલથી તેમના પરિવારના પાયાને સુધારવાની સાથે દેશના આર્થિક પાયાને પણ મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ છે. પ્રધાનમંત્રી જન ધન ખાતાએ મહિલાઓને નાણાકીય વ્યવસ્થાપન માટે સમજદારીપૂર્વક સશક્ત બનાવી છે, ત્યારે સ્વ-સહાય જૂથોએ તેમનું ધ્યાન શિક્ષણ, આરોગ્ય અને સમુદાય વિકાસમાં રોકાણ કરવા તરફ આકર્ષિત કર્યું છે. લોન અને શિક્ષણ સુધી મહિલાઓની સમાન પહોંચ તેમની આકાંક્ષાઓને સિદ્ધિઓમાં પરિવર્તિત કરી રહી છે. આનું જીવંત ઉદાહરણ છે જન ધન યોજનામાં 55 ટકાથી વધુ ખાતા, પીએમ મુદ્રા યોજનામાં લગભગ 70 ટકા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયામાં 82




## લોન માંગનારી મહિલાઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો



**ધિરાણની માંગમાં વધારો:** 2019 અને 2024ની વચ્ચે ધિરાણની માંગ કરનારી મહિલાઓની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ, જે વધતી ભાગીદારી અને સ્વતંત્રતાનો સંકેત છે.

### ભારતની વિકાસગાથામાં મહિલાઓની ભૂમિકા

સ્વ-નિરીક્ષણ કરતી મહિલા ઉધારકર્તા (મિલિયનમાં)




સ્ત્રોત: WEP (નીતિ આયોગ) ટ્રાન્સયુનિયન સિબિલ માઈક્રોસેવ કન્સલ્ટિંગ સંયુક્ત રિપોર્ટ

**ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારો આગળ**

બે તૃતીયાંશ મહિલા લોન લેનાર બિન-મહાનગરીય વિસ્તારોથી છે, જે શહેરી કેન્દ્રોની બહાર ઊંડા નાણાકીય સમાવેશને રેખાંકિત કરે છે.

**ધિરાણ સંબંધિત જાગૃતિમાં વધારો:**

બિન-મહાનગરીય વિસ્તારોની મહિલાઓ તેમના રાજ્યના મેટ્રોપોલિટન શહેરમાં રહેતી મહિલાઓની સરખામણીએ તેમના ધિરાણને ટ્રેક કરવામાં વધુ સક્રિય હોય છે.

**સ્વ-નિરીક્ષણમાં વધારો:**


મહાનગરોમાં 30 ટકાની સરખામણીએ નોન-મેટ્રો વિસ્તારોમાં 48 ટકાનો વધારો નાના શહેરોમાં મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા અને જવાબદારીમાં પરિવર્તનને દર્શાવે છે.

## મહિલા ઋણલેનારાઓના ક્રેડિટ સ્કોરમાં સુધારો

**62%** **સ્વ-નિરીક્ષણ કરતી મહિલાઓ પ્રાઈમ અને તેનાથી ઉપરના બેન્ડમાં છે.**

**જે સતત સારી ક્રેડિટ પ્રથાઓનું પાલન કરીને ક્રેડિટના સક્રિય સંચાલન તરફ ઈશારો કરે છે. આને મહિલા ઉધારકર્તાઓને ક્રેડિટ હેલ્થ બનાવવામાં મદદ કરી છે.**

*પ્રાદેશિક ઋણ: સ્વ-નિરીક્ષણ કરનારી 1.02 કરોડ મહિલાઓ સાથે દક્ષિણના રાજ્યો સૌથી આગળ છે, જ્યારે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં સક્રિય મહિલા ઉધારકર્તાઓમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.*




સ્ત્રોત: WEP (નીતિ આયોગ) ટ્રાન્સયુનિયન સિબિલ માઈક્રોસેવ કન્સલ્ટિંગ સંયુક્ત રિપોર્ટ

ટકાથી વધુ લાભાર્થીઓ મહિલાઓનું હોવું. જે રાષ્ટ્ર તેની મહિલા વસ્તીની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરે છે તે માત્ર વૈશ્વિક મંચ પર તેની હાજરી જ નહીં, પણ રોકાણ આકર્ષવાની સાથે જ આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપે છે.


વર્ષ 2014 પહેલા સશક્તિકરણ યોજનાઓ લાલ ફિતાશાહી અને પ્રણાલીગત ઉપેક્ષા હેઠળ દબાયેલી હતી, પરંતુ નવા નેતૃત્વના વિઝન અને કાર્ય નીતિએ મહિલાઓને નાણાકીય સશક્તિકરણ અને સમાવેશનને ફાઈલો અને નિવેદનોમાંથી બહાર કાઢીને વાસ્તવિકતામાં બદલી છે. લોન ઉધારકર્તાના રૂપમાં પણ મહિલાઓ સહાય મેળવનારાઓમાંથી નાણાકીય નેતૃત્વકર્તાના રૂપમાં ઉભરી રહી છે. લક્ષિત પહેલ સાથે મહિલાઓએ વધુ નાણાકીય સ્વતંત્રતા મેળવી છે, ઉદ્યોગસાહસિક તકોનો વિસ્તાર કરવાની સાથે જ ધિરાણ સુધીની

## જનરેશન Zનો વધ્યો હિસ્સો

**સ્વ-નિરીક્ષણ કરવામાં જનરેશન-Z મહિલાઓની હિસ્સેદારી**




## લોનને લઈને જલદી જાગૃત થઈ મહિલાઓ




સ્ત્રોતઃ WEP (નીતિ આયોગ) ટ્રાન્સયુનિયન સિબિલ માઈક્રોસેવ કન્સલ્ટિંગ સંયુક્ત રિપોર્ટ

**મહિલાઓના નેતૃત્વ હેઠળના MSMEએ પુરવઠા શ્રૃંખલા અને નિકાસ ક્ષમતામાં વધારો કરતા ભારતના ઔદ્યોગિક આધારને વૈવિધ્યસભર બનાવ્યો છે**



## આ પણ ફાયદા છે

**કુટુંબ કલ્યાણમાં વધારો:** સારા જીવનધોરણ અને આગામી પેઢી માટે સંભાવનાઓને કારણે કુટુંબ કલ્યાણમાં વધારો થયો છે.

**આર્થિક સુદ્રઢતા:** વૈવિધ્યપૂર્ણ ભાગીદારી નાણાકીય આંચકા અને મંદીને સહન કરવામાં સક્ષમ વધુ મજબૂત અને સ્થિતિસ્થાપક આર્થિક માળખામાં ફાળો આપે છે.

**ઉદ્યોગસાહસિકતા વિકાસ:** વિવિધ ક્ષેત્રોમાં નવીનતા, રોજગાર સર્જન અને વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપે છે.


**નીતિગત વિકાસ:** નાણાકીય ક્ષેત્રોમાં મહિલાઓની સફળતા નીતિ નિર્માતાઓને વધુ સમાવિષ્ટ નીતિઓ બનાવવા માટે પ્રભાવિત કરે છે, જેનાથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે તકો વધે છે.

**વૈશ્વિક સ્પર્ધાત્મકતા:** જે રાષ્ટ્ર તેની મહિલા વસ્તીની સંપૂર્ણ ક્ષમતાનો લાભ ઉઠાવે છે તે વૈશ્વિક મંચ પર તેની સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે. રોકાણ આકર્ષે છે અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપે છે.

પહોંચમાં સુધારો કર્યો છે.આનાથી ભારતની આર્થિક પ્રગતિ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

નીતિ આયોગ અને ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની ટ્રાન્સયુનિયન સિબિલ સ્ટડી દ્વારા માર્ચ 2024માં હાથ ધરવામાં આવેલી કેસ સ્ટડીમાં કેન્દ્ર સરકારની નીતિઓમાં મહિલા શક્તિની વધતી ભૂમિકાને દેશની નાણાકીય વિકાસ ગાથામાં એક સીમાચિહ્નરૂપ માનવામાં આવી છે. "From Borrowers to Builders: The Role of Women in India's Financial Growth Story" શીર્ષકવાળા અહેવાલ મુજબ એક સમયે ઓછા આંકવામાં આવતા મહિલા કાર્યબળ એક શક્તિશાળી આર્થિક સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે, જે દેશના વિકાસમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે તો આની પાછળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એ મહિલા કેન્દ્રિત નીતિઓ છે, જે તેમને દેશની આર્થિક પ્રગતિના એક મહત્ત્વપૂર્ણ માધ્યમના રૂપમાં સ્થાપિત કરી રહી છે. આ પરિવર્તન સશક્તિકરણથી વધીને છે, તેણે ભારતની આર્થિક શક્તિને નવેસરથી વ્યાખ્યાયિત કરી છે. મહિલાઓ નિષ્ક્રિય લોન વપરાશકર્તાઓમાંથી નાણાકીય રૂપથી જાગૃત, લોનની સમજ રાખનારી સહભાગીઓના રૂપમાં વિકસિત થઈ છે, જે દેશના વિકાસના પથને સક્રિય રૂપે આકાર આપી રહી છે. ■

# ઈ-નામ ખેડૂતો માટે એક દેશ-એક બજાર



**ઉત્તર પ્રદેશના ખેડૂત રામકિશોર પોતાના બટાકાના પાકને વેચવા માટે નજીકની મંડીમાં જતા હતા. જો તેમને યોગ્ય કિંમત મળે તો ઠીક નહિતર તેમને વચેટિયાઓના મોઢા જોવા પડતા હતા. હવે તેઓ મોબાઈલ પર જ ચુપીથી લઈને હરિયાણા, પંજાબ અને દિલ્હી સુધીની મંડીઓના ભાવ જોઈ શકે છે. દેશમાં ગમે ત્યાંથી કોઈપણ વેપારી બોલી લગાવીને પોતાનો પાક ખરીદી શકે છે. આ શક્ય બન્યું છે ઈ-નામના માધ્યમથી... એટલે કે રામકિશોર હવે પોતાનો પાક વેચતી વખતે પોતે જ રાજા છે. ખેડૂતોની આવક વધારવા માટે એક મોટું માધ્યમ બની ગયું છે ઈ-નામ...**

ભારતના GDPમાં 18 ટકાથી વધુ યોગદાન આપતું કૃષિ ક્ષેત્ર દેશની લગભગ અડધી વસ્તીને રોજગારી પણ પૂરી પાડે છે. આ મજબૂત આંકડાઓના પાયામાં એ ખેડૂતોની મહેનત હોય છે જેઓ પોતાના ખેતરોમાં પાકની સાથે આશાનું કિરણ પણ વાવે છે. આશા કે આ વખતે પાક સારો થશે, ભાવ સારા મળશે અને જીવનના પૈડા થોડા આગળ વધશે. ખેડૂતોની આ અપેક્ષા પૂરી કરવાની શરૂઆત 14 એપ્રિલ 2016ના રોજ રાષ્ટ્રીય કૃષિ બજાર 'ઈ-નામ'ના રૂપમાં શરૂ થઈ. 'એક રાષ્ટ્ર-એક કૃષિ બજાર'ની વિભાવના પર આધારિત ઈ-નામની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21 મંડીઓને એક પ્લેટફોર્મ પર જોડીને કરી હતી, જેથી કૃષિ ઉત્પાદનો સંબંધિત સ્પર્ધાત્મક બજારનો સીધો લાભ વચેટિયાઓને બદલે સીધા દેશના ખેડૂતોને મળી શકે. ઈ-નામ એક ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ છે, જે ખેડૂતોને સારા ભાવ મેળવવામાં મદદ કરે છે. ઈ-નામના માધ્યમથી કૃષિ પેદાશ મંડીઓને ડિજિટલી જોડવામાં આવી છે, જેથી ખેડૂતોને જ્યાં સૌથી વધુ ભાવ અથવા સૌથી ઊંચી બોલી મળે ત્યાં તેમનો પાક વેચી શકે. આજે ઈ-નામ પર 27 રાજ્યોની 1,466 મંડી જોડાયેલી છે. પ્લેટફોર્મ પર એક નિશ્ચિત ધોરણના આધારે 231 પ્રકારની વસ્તુઓ વેચાઈ રહી છે, જેનો 4 લાખ કરોડ રૂપિયાથી વધુનો વેપાર થઈ ચૂક્યો છે.

## આંતરરાજ્ય કૃષિ બજાર સુધી પહોંચ સરળ બનાવશે ઈ-નામ

આંતરરાજ્ય અને આંતર મંડી વેપારમાં ખેડૂતો માટે સૌથી મોટો અવરોધ લોજિસ્ટિક્સ હોય છે. આ અવરોધ દૂર કરવા અને ઈ-નામ પ્લેટફોર્મને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કેન્દ્ર સરકારે તેને ઈ-નામ 2.0માં અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે. આ પ્લેટફોર્મ વધુ મજબૂત, યુઝર ફ્રેન્ડલી, સમાવિષ્ટ, સ્કેલેબલ અને ઓપન નેટવર્કને અનુરૂપ છે. તેમાં લોજિસ્ટિક્સ સર્વિસ પ્રોવાઈડરોને સામેલ કરવાની સુવિધાની સાથે જ બેંક એકાઉન્ટ વેરિફિકેશન, આધારનો ઉપયોગ કરીને ઈ-કેવાયસી જેવી સુવિધાઓ પણ છે.

### ખેડૂતો માટે હવે 5.5 ગણું બજેટ

| | |
|---|---|
| 2013-14 | 22,000 કરોડ રૂપિયા |
| 2024-25 | 1,23,000 કરોડ રૂપિયા |

* નાણાકીય વર્ષ 2024-25ના આંકડા 28 ફેબ્રુઆરી સુધીના



### ઈ-નામ પર કોણ-કોણ જોડાયેલા છે?

eNAM

| | |
|---|---|
| રાજ્ય | 27 |
| વેપારી | 2,64,111 |
| કમિશન એજન્ટ | 1,14,942 |
| સર્વિસ પ્રોવાઈડર | 79 |
| ખેડૂત સંગઠન | 4,389 |
| ખેડૂત | 1,78,77,555 |

કુલ 1,82,61,076

બજેટ પછી હિસ્સેદારો સાથે સંવાદ

# વિકસિત ભારતના નિર્માણનો માર્ગ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફક્ત જૂની રૂઢિવાદિ પરંપરાઓ તોડવા માટે જ જાણીતા નથી, પરંતુ દેશ હિતમાં નવી નીતિઓ ઘડવાના તેમના દૃઢ નિશ્ચય માટે પણ જાણીતા છે. એટલે જ દેશમાં વર્ષોથી ચાલી આવતી જૂની પ્રથાઓને તોડીને તેમણે એવા નવા પરિમાણો સ્થાપિત કર્યા છે જેના પર આગળ વધીને દેશ હવે વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગ પર ચાલી પડ્યો છે. એ પછી સામાન્ય બજેટને એક મહિના પહેલા રજૂ કરવાની શરૂઆત હોય કે પછી બજેટ બાદ તેના સંકલ્પોને અમલમાં મૂકવાની પહેલ હોય, પ્રધાનમંત્રી મોદીએ હિસ્સેદારોને જોડતા બજેટ વેબિનારના રૂપમાં એક નવું ફોર્મેટ પણ શરૂ કર્યું છે, જેથી દેશના છેલ્લા નાગરિક સુધી તેનો સીધો લાભ મળી શકે. વર્ષ 2021માં શરૂ થયેલા બજેટ પછી હિસ્સેદારો સાથે સંવાદની પરંપરાના 5મા વર્ષમાં તેમણે 4 વેબિનારના માધ્યમથી કરી સીધી વાત...**

ભારતે છેલ્લા 10 વર્ષમાં સુધારા, નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને સમાવેશી વૃદ્ધિ પ્રત્યે પોતાની સતત પ્રતિબદ્ધતા દર્શાવી છે, તો આ વખતના સામાન્ય બજેટમાં પણ નીતિઓમાં સાતત્ય અને વિકસિત ભારતના વિઝનની ઝલક સ્પષ્ટ જોવા મળે છે. સામાન્ય બજેટ અને તેના વિવિધ સેક્ટર સાથે જોડાયેલા હિસ્સેદારો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ વેબિનારના રૂપમાં 1 માર્ચથી સંવાદ શરૂ કર્યો હતો. યોજનાઓના સચોટ અને સમયસર અમલીકરણની સાથે દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને લાભ જેવા મુદ્દાઓ પર પ્રધાનમંત્રી મોદી કૃષિ, રોજગાર, ઉદ્યોગ-વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય, ટેક્નોલોજી, માળખાગત સુવિધાઓ અને રોકાણ જેવા ક્ષેત્રોને લગતા વિષયો પર વેબિનારમાં સામેલ રહ્યા છે. કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ વિષય પર આયોજિત વેબિનારમાં પ્રધાનમંત્રી મોદીએ આને ભારતના વિકાસનું પહેલું એન્જિન ગણાવતા ગામડાઓની સમૃદ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. છેલ્લા 10 વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા આ દિશામાં કરવામાં આવેલા પ્રયાસોની સાથે વર્ષ 2025-26ના સામાન્ય બજેટમાં આ ક્ષેત્રને લગતી જોગવાઈઓને લાગુ કરવા માટે પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વિષય પર એક વેબિનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં ભારતે સુધારા,



નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને સમાવેશી વિકાસ પ્રત્યે સતત પ્રતિબદ્ધતા દર્શાવી છે. આનું પરિણામ એ છે કે આજે વિશ્વનો દરેક દેશ ભારત સાથે પોતાની આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા માંગે છે. તેમણે ઉત્પાદન અને નિકાસ સાથે સંકળાયેલા દરેક હિસ્સેદારોને ખાતરી આપી કે આવનારા વર્ષોમાં પણ આ નિરંતરતા ચાલુ રહેશે. બીજી તરફ રોજગાર સર્જનને કેન્દ્રમાં રાખીને પ્રધાનમંત્રી મોદીએ બજેટની જોગવાઈઓની ચર્ચા કરતી વખતે કહ્યું કે નાગરિકોમાં રોકાણ કરવાનો દૃષ્ટિકોણ શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્યના ત્રણ સ્તંભો પર ઉભો છે. 'નાગરિકોમાં રોકાણ, અર્થતંત્ર અને નવીનતા' વિષય પર એક વેબિનારમાં બોલતા તેમણે કહ્યું કે આ એક એવી થીમ છે જે વિકસિત ભારતના રોડમેપને વ્યાખ્યાયિત કરે છે.

વેબિનાર દ્વારા સીધા સંવાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ ક્ષેત્રો માટે બજેટ જોગવાઈઓ તેમજ તેના મજબૂત અમલીકરણ વિશે વાત કરી અને છેલ્લા 10 વર્ષમાં સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો. વાંચો પ્રધાનમંત્રી મોદીના સંવાદના સંપાદિત અંશ...

## કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ બનશે ભારતના વિકાસનો માર્ગ

**પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે 6 વર્ષ પહેલા આ યોજના લાગુ કરવામાં આવી હતી.**

**3.75** લાખ કરોડ રૂપિયા આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોને આપવામાં આવ્યા છે.

આ રકમ લગભગ 11 કરોડ ખેડૂતોના ખાતામાં સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે.



**બજેટમાં કરવામાં આવેલી પીએમ ધન ધાન્ય કૃષિ યોજનાની જોગવાઈનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે આ અંતર્ગત દેશના**

**100 સૌથી ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા જિલ્લાના વિકાસ પર ફોકસ કરવામાં આવશે. આનાથી આ 100 જિલ્લાઓમાં ખેડૂતોની આવક વધારવામાં મદદ મળશે.**

પીએમ મોદીએ કહ્યું કે સરકારના પ્રયાસોનું પરિણામ છે કે 10-11 વર્ષ પહેલા જે કૃષિ ઉત્પાદન લગભગ 265 મિલિયન ટનની નજીક હતું, તે હવે વધીને 330 મિલિયન ટનથી વધુ થઈ ગયું છે. બાગાયતી ઉત્પાદન વધીને 350 મિલિયન ટનથી વધુ થયું છે. આ સરકારના બીજથી બજાર સુધીની વિચારસરણીનું પરિણામ છે.

પીએમ મોદીએ કહ્યું કે કઠોળના ઉત્પાદનમાં હજુ પણ સ્થાનિક વપરાશના 20 ટકા વિદેશી દેશો પર આધારિત છે. કઠોળનું ઉત્પાદન વધારવા માટે કામ ચાલી રહ્યું છે. દેશે ચણા છે અને મગના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરી લીધી છે.

- નવા પાકની જાતોના વિકાસ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR)એ આધુનિક ઉપકરણો અને અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો છે. આનાથી 2014થી 2024 દરમિયાન અનાજ, તેલીબિયાં, કઠોળ, ઘાસચારો, શેરડી અને વિવિધ પાકોની 2,900થી વધુ નવી જાતોનો વિકાસ કરવામાં આવ્યો છે.
- સ્વતંત્રતા પછી મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં સૌથી મોટા રોકાણ સાથે 2019માં શરૂ કરાયેલી પીએમ મત્સ્ય સંપદા યોજનાનો ઉલ્લેખ કરતા પીએમએ કહ્યું કે આનાથી મત્સ્ય પાલન ક્ષેત્રમાં ઉત્પાદન ઉત્પાદકતા અને સંચાલનમાં સુધારો કરવામાં મદદ મળી છે. આજે દેશમાં માછલીનું ઉત્પાદન અને નિકાસ બમણી થઈ ગઈ છે.

***સમૃદ્ધ ગ્રામીણ અર્થતંત્ર તરફ ભારતના પ્રયાસો પર બોલતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે પીએમ આવાસ યોજના-ગ્રામીણ હેઠળ કરોડો ગરીબ લોકોને ઘર આપવામાં આવી રહ્યા છે, સ્વામિત્વ યોજનાથી મિલકત માલિકોને 'અધિકારનો રેકોર્ડ' મળ્યો છે. 3 કરોડ લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સવા કરોડથી વધુ બહેનો લખપતિ દીદી બની ગઈ છે.***



# રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને અર્થતંત્ર

*વધુ સારું શિક્ષણ, આરોગ્ય વ્યવસ્થા અને રોજગારની તકો કોઈપણ દેશના અર્થતંત્રના સૌથી મહત્ત્વપૂર્ણ અંગ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે રોકાણમાં જેટલી પ્રાથમિકતા માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગોને આપી છે, તેટલી જ પ્રાથમિકતા નાગરિકો, અર્થતંત્ર અને નવીનતાને પણ આપી છે. આ ક્ષેત્રોથી લગતા દરેક મુદ્દા પર તેમણે શેર કર્યા તેમના વિચાર...*



- ક્ષમતા નિર્માણ અને પ્રતિભા નિખારવા પર કામ ચાલી રહ્યું છે. તે દેશની પ્રગતિ માટે આધારસ્તંભનું કામ કરે છે.
- સામાન્ય જનતા માટે રોકાણનું વિઝન ત્રણ સ્તંભો પર ઉભું છે - શિક્ષણ, સ્કીલ અને હેલ્થ કેર.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, IITનું વિસ્તરણ, શિક્ષણ પ્રણાલીમાં ટેક્નોલોજીનું એકીકરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો તેની સંપૂર્ણ ક્ષમતા સાથે ઉપયોગ, પાઠ્યપુસ્તકોનું ડિજિટાઈઝેશન, 22 ભારતીય ભાષાઓમાં શિક્ષણ સામગ્રી પૂરી પાડવા માટે મિશન મોડમાં કામ ચાલી રહ્યું છે.

**3** **કરોડથી વધુ યુવાનોને કેન્દ્ર સરકારે 2014થી અત્યાર સુધીમાં આપી છે સ્કીલ ટ્રેનિંગ.**

- 1 હજાર ITIને અપગ્રેડ કરવાનો અને 5 સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- સરકારનો ઉદ્દેશ્ય એ છે કે યુવાનોની તાલીમ એવી હોવી જોઈએ કે તે ઉદ્યોગની જરૂરિયાતો પૂરી કરી શકે.
- યુવાનોને નવી તકો અને વ્યવહારુ કૌશલ્ય પૂરું પાડવા પીએમ ઈન્ટર્નશિપ યોજના શરૂ કરવામાં આવી છે.
- 10 હજાર વધારાની મેડિકલ બેઠકોની જાહેરાત. આગામી 5 વર્ષમાં મેડિકલ લાઈનમાં 75 હજાર બેઠકો જોડવાનું લક્ષ્ય. તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલી-મેડિસિન સુવિધાનો વિસ્તાર.
- ડે-કેર કેન્સર સેન્ટર - ડિજિટલ હેલ્થકેર દ્વારા ગુણવત્તાયુક્ત હેલ્થકેર સેવા છેલ્લા માઈલ સુધી પહોંચાડવા માટે કામ કરવામાં આવી રહ્યું છે.



- 2047 સુધીમાં ભારતની શહેરી વસ્તી લગભગ 90 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આ મોટી વસ્તી માટે યોજનાબદ્ધ શહેરીકરણની જરૂર છે. આ માટે 1 લાખ કરોડ રૂપિયાનું અર્બન ચેલેન્જ ફંડ બનાવવાની પહેલ કરવામાં આવી છે.
- પ્રવાસન ક્ષેત્રનું GDPમાં 10% સુધીનું યોગદાન હોવાની સંભાવના છે. આ સેક્ટરમાં કરોડો યુવાનોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા છે. તેથી આ બજેટમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે.

**50** **સ્થળ પર દેશભરમાં પર્યટન પર ધ્યાન કેન્દ્રિત કરીને વિકાસ કરવામાં આવશે. આ સ્થળોએ હોટલોને માળખાગત સુવિધાનો દરજ્જો આપવાથી પર્યટનનો માર્ગ સરળ બનશે અને સ્થાનિક રોજગારમાં પણ વધારો થશે.**

- 'હીલ ઈન ઈન્ડિયા' અને 'લેન્ડ ઓફ બુદ્ધા' અભિયાનો દ્વારા દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષવામાં આવી રહ્યા છે.
- ભારતની અર્થવ્યવસ્થામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેટલાય લાખ કરોડ રૂપિયાનો ગ્રોથ આપી શકે છે. તેથી બજેટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત શિક્ષણ અને સંશોધન માટે 500 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.
- ભારત AIની ક્ષમતાઓને વિકસાવવા માટે નેશનલ લાર્જ લેંગ્વેજ મોડલની પણ સ્થાપના કરશે.
- ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું કોપર્સ ફંડ પાસ કરવામાં આવ્યું છે.
- IIT અને IIScમાં 10 હજાર રિસર્ચ ફેલોશિપની જોગવાઈ કરવામાં આવી છે. આનાથી રિસર્ચને પ્રોત્સાહન મળશે, પ્રતિભાશાળી યુવાનોને તકો મળશે.

# MSME અર્થતંત્રનું વિકાસ એન્જિન

*ઉત્પાદન, નિકાસ, પરમાણુ ઉર્જા મિશન, નિયમન, રોકાણ અને વ્યવસાય કરવાની સરળતા પર આયોજિત વેબિનારમાં પ્રધાનમંત્રી મોદીએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ને દેશના અર્થતંત્રના વિકાસનું એન્જિન ગણાવતા છેલ્લા 10 વર્ષમાં આ ક્ષેત્ર માટે કેન્દ્ર સરકારના પ્રયાસોનો પુનરોચ્ચાર કર્યો અને નવી બજેટ જોગવાઈઓ સાથે આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો...*





**પીએમ મોદીએ ઉદ્યોગ જગતને સાહસિક પગલા લેવા અને દેશ માટે ઉત્પાદન અને નિકાસના નવા રસ્તા ખોલવા માટે પ્રોત્સાહિત કર્યો.**

**સરકારે આવકવેરાની સરળ જોગવાઈઓ રજૂ કરી છે અને જન વિશ્વાસ 2.0 બિલ પર કામ ચાલી રહ્યું છે.**

**40,000** થી વધુ પાલન દૂર કરવામાં આવ્યા કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે, જેના કારણે વેપાર કરવાનું સરળ બન્યું.

**બિન-નાણાકીય ક્ષેત્રના નિયમોની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય તેમને આધુનિક, ફ્લેક્સિબલ, યુઝર ફ્રેન્ડલી અને વિશ્વાસ આધારિત બનાવવાનો છે.**

- કોવિડ મહામારી દરમિયાન જ્યારે વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડ્યું, ત્યારે ભારતે વૈશ્વિક વિકાસને વેગ આપ્યો.
- હાલમાં ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન (PLI) યોજનાથી 14 ક્ષેત્રોને લાભ થઈ રહ્યો છે. આ યોજના હેઠળ 750થી વધુ એકમોને મંજૂરી આપવામાં આવી છે.
- પરિણામસ્વરૂપે 1.5 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ, 13 લાખ કરોડ રૂપિયાથી વધુનું ઉત્પાદન અને 5 લાખ કરોડ રૂપિયાથી વધુની નિકાસ થઈ છે.



- વર્ષ 2020માં સરકારે 14 વર્ષ પછી MSMEની પરિભાષામાં સુધારો કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો, જેનાથી MSMEનો એ ભય ખતમ થઈ ગયો કે જો તેઓ પોતાના ક્ષેત્રનો વિસ્તાર કરશે તો તેઓ સરકારી લાભો ગુમાવી દેશે.



**દેશમાં MSMEની સંખ્યા વધીને 6 કરોડથી વધુ થઈ ગઈ છે, જેનાથી કરોડો લોકોને રોજગારની તકો મળી રહી છે.**

- દસ વર્ષ પહેલા MSMEને લગભગ 12 લાખ કરોડ રૂપિયાની લોન મળતી હતી, જે હવે વધીને લગભગ 30 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.
- બજેટમાં MSME લોન માટે ગેરંટી કવર બમણું કરીને 20 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.
- કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે 5 લાખ રૂપિયાની મર્યાદાવાળા કસ્ટમાઈઝ્ડ ક્રેડિટ કાર્ડ પૂરા પાડવામાં આવશે.
- છેલ્લા 10 વર્ષમાં પીએમ મુદ્રા જેવી યોજનાઓએ નાના ઉદ્યોગોને પણ ટેકો આપ્યો છે. આવી યોજનાઓ ગેરંટી વિના લોન પૂરી પાડે છે.

**પહેલીવાર ઉદ્યોગ સ્થાપિત કરનારી મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) સમુદાયોના**

**5 લાખ** ઉદ્યોગસાહસિકોને 2 કરોડ રૂપિયાની લોન મળશે.



# મુદ્રાથી નીકળી ઉદ્યોગની અમૃત ધારા









**એક દશક પહેલા શરૂ થયેલી પીએમ મુદ્રા યોજના હેઠળ અત્યાર સુધીમાં 52 કરોડથી વધુ લોન મંજૂર કરવામાં આવી છે. આમાં 33 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ આપીને કેન્દ્ર સરકારે એવા યુવાનો, મહિલાઓ, ગરીબ અને પછાત લોકોને ઉદ્યોગસાહસિક બનવાની તક આપી છે જેઓ પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હતા. આજે એ જ ઉદ્યોગસાહસિકો જેમના પર કોઈએ વિશ્વાસ નહોતો કર્યો, ગર્વથી કહી રહ્યા છે કે દેશ આપણા પર વિશ્વાસ કરે છે. કેન્દ્રની આ ક્રાંતિકારી યોજનાએ લોકોને વચેટિયાઓથી મુક્ત કર્યા છે, તેમને નાણાકીય સંસાધનોથી સજ્જ કર્યા છે અને તેમને આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનાવ્યા છે અને તેમાંથી નીકળી છે વિકસિત ભારતની અમૃત ધારા...**





## બિનીતાના સપનાઓને મુદ્રા યોજનાએ આપી પાંખો


*બિનીતા દેવનાથ એ મહિલાઓમાં સામેલ છે જેમના મનમાં આગળ વધવાનો વિચાર તો હતો, પરંતુ આર્થિક મદદ વગર તેમની પાસે પોતાનું સપનું પૂરું કરવાનું કોઈ સાધન નહોતું. સિલ્ક ઉત્પાદનના સારા જ્ઞાન સાથે*



*બિનીતા આ ક્ષેત્રમાં પોતાનો હાથ અજમાવવા માંગતા હતા. એક દિવસ તેમણે ટેલિવિઝન પર પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે જોયું. પોતાના ઘર નજીક જ એક બેંક શાખામાં જઈને આના વિશે બધી માહિતી મેળવી અને લોન માટે અરજી પણ કરી. બિનીતાએ મુદ્રા યોજના હેઠળ મળેલી 1.99 લાખ રૂપિયાની લોનથી વ્યવસાય શરૂ કર્યો. જેમ-જેમ ધંધો વધતો ગયો, તેમ-તેમ તેણે ફરી એકવાર 4 લાખ રૂપિયાની લોન માટે અરજી કરી. આ પછી તેમણે નવેસરથી કાર્ય સ્થાપિત કર્યું. આસામની ઓળખ મેખલા અને રીહા-સડોર સિલ્ક સાડીઓના ઉત્પાદન અને વ્યવસાય સાથે આજે બિનીતા એક સફળ ઉદ્યોગસાહસિક તરીકે સ્થાપિત થઈ ચૂક્યા છે.*

## દહાડી મજૂરથી બન્યા લોટ મિલના માલિક

*તમિલનાડુની રહેવાસી સરસ્વતીનું ઉદ્યોગસાહસિક બનવાનું અને પોતાની લોટ મિલ ધરાવવાનું સપનું દહાડી મજૂર તરીકે કામ કરતી વખતે લોટ બનાવવાની ચક્કીમાં પીસાઈ રહ્યું હતું. લોટ મિલ શરૂ કરવા માટે જે*



*મૂડીની જરૂર હતી, તેનો અભાવ હોવાથી તે પોતાનો વ્યવસાય નહોતો શરૂ કરી શકી. ઓબીસી સમાજની સરસ્વતીને 2022માં પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે ખબર પડી. સરસ્વતીએ પોતાની લોટ મિલ સ્થાપવાના ખર્ચ વિશે જાણકારી મેળવી, જેના માટે 5 લાખ રૂપિયાથી પણ ઓછી રકમની જરૂર હતી. સરસ્વતીએ ઈન્ડિયન બેંકની રેડ હિલ્સ શાખામાં અરજી કરી અને તેમને 4.86 લાખ રૂપિયાની લોન મળી ગઈ. હવે તે નોકરી કરનારી કે દહાડી મજૂર નથી, પણ નોકરી આપનાર બની ગઈ છે. તેણે થિરુનાવુક્કારાસુ લોટ મિલમાં 4 લોકોને રોજગારી આપી છે.*









ભારતમાં ઉદ્યોગસાહસિકતાના સમગ્ર પરિદૃશ્યને બદલી રહેલી કરોડો કહાનીઓ દર્શાવે છે કે ગરીબ શ્રમિકોની આર્થિક સુખાકારી માટે મુદ્રા યોજના આજે પોતાનામાં એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે. આ માટે કેન્દ્ર સરકારે તેની સરકારી મર્યાદાઓથી આગળ વધીને એક નવી આર્થિક વ્યવસ્થા બનાવી છે, જેનો ઉદ્દેશ્ય છે ઉદ્યોગસાહસિકો અને તેમના સપનાઓને ભંડોળ પૂરું પાડવાનો. સમાવેશી વિકાસ માટે છેવાડાના વિસ્તાર અને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવાના લક્ષ્ય સાથે આગળ વધી રહેલી કેન્દ્ર સરકાર 'અંત્યોદય' માટે પ્રતિબદ્ધ

## પીએમ મુદ્રા યોજનામાં લાભાર્થીની ભાગીદારી




**તરુણ પ્લસ કેટેગરીને હાલમાં જ આમાં સામેલ કરવામાં આવી છે.**

| મંજુર મુદ્રા લોન રકમ | |
|---|---|
| શિશુ કેટેગરી | 11,68,019 + |
| કિશોર કેટેગરી | 13,39,994 + |
| તરુણ કેટેગરી | 8,08,541 + |
| તરુણ + કેટેગરી | 2,818 |

રકમ કરોડ રૂપિયામાં




આંકડા 28 ફેબ્રુઆરી 2025 સુધીના છે.

છે. 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના મોટા સંકલ્પને સિદ્ધ કરવા માટે કેન્દ્ર સરકારે મુદ્રાથી લોકોને સશક્ત બનાવીને રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનાવ્યા છે. સામાજિક ન્યાયના શિલ્પી અને બંધારણના ઘડવૈયા બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની 135મી જન્મજયંતિ ભવ્ય રીતે ઉજવવામાં આવી રહી છે અને એ પણ એક સુખદ સંયોગ છે કે નાના કારોબારીઓ માટે મોટો ટેકો બની ગયેલી પ્રધાનમંત્રી મુદ્રા યોજના આ વર્ષે 8 એપ્રિલે એક દશક પૂર્ણ કરી રહી છે.

સામાજિક અન્યાયને દૂર કરવા માટે આધુનિકીકરણ પર ભાર ડૉ. આંબેડકરના દૂરંદેશી વિચારસરણીનું પરિણામ હતું. સમાજ માટે તેમનું વિઝન એવું હતું જ્યાં શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણ ન્યાયસંગત રૂપે એકબીજા સાથે હાથ મિલાવીને આગળ વધી શકે. ઔદ્યોગિક સભ્યતા કુદરતી રીતે કાર્યક્ષમતા અને સમાન તકોના આધારે વિકાસ પામે છે. સરકારી ક્ષેત્રમાં તકોનો અભાવ જોઈને દલિતો અને પછાત વર્ગો સહિત તમામ વર્ગોએ વ્યવસાય ક્ષેત્રમાં પણ શક્યતાઓ શોધવાનું શરૂ કર્યું છે, જેમાં નવા સાહસોનો પણ સમાવેશ થાય છે અને તેને મુદ્રા યોજનાથી કેન્દ્રની સરકારે એક નવી તક આપી છે. ઘણીવાર એવું માનવામાં આવે છે કે જે મોટા-મોટા ઉદ્યોગો છે, તેમાં જ વધુ રોજગારી પૂરી પાડવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ઉદ્યોગોમાં ફક્ત 1.25 કરોડ લોકો જ રોજગારી મેળવે છે, જ્યારે આ દેશમાં નાના-નાના કામ કરનારા


> ***આ દેશના લાખો સામાન્ય પુરુષો અને સ્ત્રીઓ, જેઓ નાના-મોટા વ્યવસાયો ચલાવે છે, તેઓ અર્થતંત્રમાં તેમનું મોટું યોગદાન હોવા છતા ઔપચારિક સંસ્થાકીય નાણાંના દાયરાની લગભગ બહાર રહી ગયા છે. મુદ્રા એ વંચિતોને નાણાં પૂરા પાડવા માટેનું અમારું ઈનોવેશન છે.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

લગભગ 6 કરોડ લોકો છે, જે 12 કરોડથી વધુ લોકોને રોજગાર આપે છે. જો આપણે આ નાના વ્યવસાયોને થોડી પણ મદદ કરી શકીએ, તો એક મોટું અંતર આવી શકે એમ છે. આ વિચારસરણીએ પ્રધાનમંત્રી મુદ્રા યોજનાને આકાર આપ્યો. હવે સમય બદલાઈ ગયો છે, કેન્દ્ર સરકાર આવા નાના-નાના લોકોને શક્તિ આપવા માંગે છે,

mudra

## પીએમ મુદ્રા લોન ક્યારે કેટલા લોકોને મળી

- **35.19** કરોડ મહિલાઓના ખાતા
- **25.97** કરોડ એસસી, એસટી, ઓબીસીના ખાતા
- **10.67** કરોડ નવા ઉદ્યોગસાહસિકોના ખાતા




નોંધ: નાણાકીય વર્ષ 2024-25ના આંકડા 28 ફેબ્રુઆરી સુધીના છે.

જે આર્થિક પાયો મજબૂત કરવાના હોય. મુદ્રા એક એવું પ્લેટફોર્મ છે જેના દ્વારા આજે નાની-મોટી નાણાકીય વ્યવસ્થાઓ ચાલી પડી છે.

ખરેખર દેશની અર્થવ્યવસ્થા એક પિરામિડ જેવી હોય છે, જ્યાં દરેક વ્યક્તિ આગળ વધવા માંગે છે. તે પિરામિડમાં ટોચ પર બેઠેલા વ્યક્તિ માટે બધું જ હતું, પરંતુ નીચલા સ્તરના મોટાભાગના લોકો માટે કંઈ જ નહોતું. ન સમાજ, ન બેંક, ન કોઈ માહિતી અને ન કોઈ સુવિધા. આ હિસ્સામાં 5.5 કરોડથી વધુ નાના એકમો છે, એટલે કે નાના પાયાના ઉદ્યોગો કરતા વેપારીઓ, શાકભાજી વિક્રેતાઓ, સમારકામ કરનારા, વાહન ચાલકો, ગૃહ ઉદ્યોગો ચલાવતા લોકો, રસ્તા પર લારી મૂકીને સામાન વેચતા લોકો, આ બધા એક-એક પૈસા માટે શાહુકારો પાસેથી ઊંચા વ્યાજ દરની લોન પર નિર્ભર હતા, જેના માટે તેમને 24થી 30 ટકા વ્યાજ ચૂકવવું પડતું હતું. આમ તો નાના સ્તરે ઘણી બેંકો છે છતા તેમણે ન તો આ નાના વેપારીઓ પર વિશ્વાસ કર્યો કે ન તો તેમને લોન આપી. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ગરીબ હંમેશાં ગરીબ જ રહેશે? આવી સ્થિતિમાં તેમના પર વિશ્વાસ કરવો જરૂરી હતો. આ કામ ખૂબ જ મુશ્કેલ હતું, પણ જો અત્યારે નહીં તો ક્યારે? આ વિચાર સાથે સરકારે પહેલીવાર તેમના પર વિશ્વાસ કર્યો જેમની પાસે સખત મહેનત અને વિશ્વાસ સિવાય બીજી કોઈ મૂડી નહોતી. દેશમાં પહેલીવાર માઈક્રોફાઈનાન્સ માળખામાં જડમૂળથી પરિવર્તન

| કુલ મંજૂર લોન સંખ્યા | કુલ મંજૂર રકમ |
|---|---|
| **52.07** કરોડ | **₹ 33.19** લાખ કરોડ |

- **નાણાકીય વર્ષ 2022-23માં પીએમ મુદ્રા હેઠળ આપવામાં આવેલા કુલ લોન ખાતામાંથી 71% ખાતા મહિલા લાભાર્થીઓના છે અને મંજૂર રકમ 48% છે.**
- **આમાં 99% લોન શિશુ અને કિશોર કેટેગરીમાં મહિલાઓને આપવામાં આવી છે.**

લાવવા માટે એક સાહસિક પગલું લેવામાં આવ્યું છે, જેનું નામ છે માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિ-ફાઈનાન્સ એજન્સી, એટલે કે મુદ્રા, સફળતાની ચાવી. ભારત એક યુવા દેશ છે જે ઉત્સાહ અને આકાંક્ષાઓથી ભરેલો છે. ભારતના વિકાસ માટે આ અભિનવ


## મુદ્રાના સહારે સિંધુએ પરિવારને સંભાળ્યો




*કેરળના એક નાના ગામ નિલાંબુરની સિંધુ પોતાના દમ પર કંઈક કરવા માંગતી હતી. તેણે તેના એક સંબંધી પાસેથી કપાસ અને વેસ્ટ મટિરિયલમાંથી ચટાઈઓ બનાવવાનું શીખ્યું. સિંધુ આ વ્યવસાયમાં હાથ અજમાવવા માંગતી હતી પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હતી. સિંધુએ તેના એક સંબંધીને સાથે લઈને મુદ્રા યોજના હેઠળ લોન મેળવી. તેમણે સાથે મળીને એક નાનું યુનિટ સ્થાપ્યું અને તેણીએ દરરોજ 10-15 ચટાઈઓ બનાવવાનું શરૂ કર્યું. મોટી કંપનીઓનો સંપર્ક કરીને સિંધુ દર મહિને 400-500 સુધી ચટાઈ વેચી દેતી હતી. માંગ વધતા તેમણે વધુ બે મશીનો ખરીદ્યા અને ત્રણ મહિલાઓને રોજગારી આપી. આજે સિંધુ ફક્ત પોતાના પગ પર ઉભી નથી, પરંતુ તે તેના પરિવારની આર્થિક કરોડરજ્જુ પણ બની ગઈ છે.*


## મહિલાઓની ભાગીદારી

**લોન સંખ્યા**




**રકમ**



ઉત્સાહનો ઉપયોગ કરવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, જે દેશની આર્થિક ઈકો-સિસ્ટમમાં હાલના અંતરને દૂર કરવા માટે નવા યુગના ઉકેલો પૂરા પાડી શકે છે. ભારતમાં ઉદ્યોગસાહસિક ક્ષમતાનો ઉપયોગ કરવાની જરૂરિયાતને સમજીને કેન્દ્ર સરકારે મુદ્રા યોજના શરૂ કરી જેણે લાખો લોકોના સપના અને આકાંક્ષાઓ સાથે આત્મસન્માન અને સ્વતંત્રતાની ભાવના પણ આપી છે.

### નવા વેપારીઓને મૂડીનો આધાર

એક સમય હતો જ્યારે લોકોનો અનુભવ ખૂબ ખરાબ હતો. તેઓ કહેતા હતા કે- ભાઈ મારે તો શાહુકારથી પૈસા લેવા પડે છે, 24 ટકાથી 30 ટકા વ્યાજ આપવું પડે છે. લોકોને આ વાતની આદત પડી ગઈ હતી. બેંક લોન એ વ્યક્તિને જ મળતી હતી, જેની ઓળખાણ હતી. આ પ્રથાએ ગરીબોને સિસ્ટમથી બહાર ઉભા રાખ્યા, કારણ કે ન તેમની પાસે મોટું નામ હતું અને ન ભલામણ હતી. આર્થિક મદદ માટે લોકો ઘણીવાર શાહુકારોના ચંગુલમાં ફસાઈ જતા હતા, પરંતુ મુદ્રા યોજના એક એવી યોજના છે જે કોઈપણ ભેદભાવ વગર પછાત સમાજને આર્થિક અને સામાજિક બળ આપવાનું, તેમને સશક્ત બનાવવાનું કામ કરી રહી છે. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે અને આ શક્ય બન્યું છે તો તે છે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાને કારણે, જેનો મંત્ર એવા લોકોને ભંડોળ પૂરું પાડવાનો છે જેમને ભંડોળ મળતું નથી. દેશમાં મોટા પાયે નાના વ્યવસાયો અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય પહેલા જરૂરિયાતમંદ લોકોને 10 લાખ રૂપિયા સુધીની લોન આપવાનો હતો, જે હવે વધીને 20 લાખ રૂપિયા થઈ ગયો છે. આ યોજના દ્વારા કેન્દ્ર સરકારે એક નવો વિશ્વાસ ઉભો કર્યો છે કે જો તમે દેશ માટે કામ કરી રહ્યા છો, દેશના વિકાસમાં ભાગીદાર છો, તો દેશ પણ તમારી ચિંતા કરવા માટે તૈયાર છે.

- **સમાજનો વિકાસ ત્યારે થાય છે જ્યારે સમાજની મહિલાઓ અને યુવાનો સશક્ત બને છે. કરોડો મહિલાઓને મુદ્રા લોન આપીને તેમને વેપાર કરવાની સુવિધા આપવામાં આવી છે.**
- **સરકારે 68%થી વધુ મુદ્રા યોજના અને 82%થી વધુ સ્ટેન્ડઅપ ઈન્ડિયાના ઉદ્યોગસાહસિકોના રૂપમાં મહિલાઓને મદદ કરી છે.**



પ્રધાનમંત્રી મુદ્રા યોજના દેશના અર્થતંત્રને પણ મજબૂત બનાવવામાં મોટી ભૂમિકા ભજવી રહી છે. કૃષિ પછી નાના પાયાના ઉદ્યોગો એક એવું આર્થિક ક્ષેત્ર છે જે મહત્તમ રોજગારીનું સર્જન કરે છે. આ યોજના હેઠળ દુકાનદારો, ફળ અને શાકભાજી વિક્રેતાઓ, ટ્રક અથવા અન્ય વાહન ચાલકો, હોટલ માલિકો, નાના ઉદ્યોગો, કારીગરો અને અન્ય લોકો લોન માટે અરજી કરી શકે છે.

### નાના વ્યવસાયોને નાણાકીય સહાય

દેશમાં મોટા પાયે નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે મુદ્રા યોજના વર્ષ 2015માં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા જરૂરિયાતમંદ લોકોને 10 લાખ રૂપિયાની લોન આપવાનો અને માઈક્રો ફાઈનાન્સ સંસ્થાઓનું નિયમન કરવાનો છે. આ યોજના હેઠળ ત્રણ કેટેગરી- શિશુ, કિશોર અને તરુણ કેટેગરીમાં લોન આપવામાં આવી હતી. હવે તેની સફળતાને જોતા કેન્દ્ર સરકારે તેના ત્રીજા કાર્યકાળના પ્રથમ સામાન્ય બજેટમાં વધુ એક કેટેગરીને ઉમેરી છે. આ નવી કેટેગરી તરુણ પ્લસમાં જે અરજદારોએ તરુણ કેટેગરી હેઠળ લોન લીધી છે અને ચૂકવી છે, તેમના માટે આ રકમ 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા મહત્તમ મર્યાદા તરીકે કરવામાં આવી છે.


આ યોજના હેઠળ કોઈપણ ભારતીય નાગરિક જે નવો વ્યવસાય શરૂ કરવા જઈ રહ્યો છે અને જેને પહેલા 10 લાખ રૂપિયા સુધીની જરૂર હોય છે, તે વ્યક્તિ કે એન્ટરપ્રાઈઝ મુદ્રા લોન માટે વેબસાઈટ પર આપવામાં આવેલી કોઈપણ બેંક અથવા NBFC પાસેથી ફંડની માંગ કરી શકે છે. આ ઉપરાંત મુદ્રાની વેબસાઈટ પર પણ ઓનલાઈન અરજી કરી શકે છે. મુદ્રા યોજનાનો આધાર છે- એક

## સ્વચ્છતામાં યોગદાન આપી રહ્યા છે શૈલેષ


*મુંબઈના ઐરોલીમાં રહેતા શૈલેષ ભોસલે આજે ફક્ત મુદ્રા યોજના દ્વારા પોતાનું સપનું પૂરું નથી રહ્યા પરંતુ પોતાની નવી વિચારાધારાથી સાથે સ્વચ્છ ભારત અભિયાનમાં પણ યોગદાન આપી રહ્યા છે. જ્યારે શૈલેષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાન વિશે સાંભળ્યું, ત્યારે તેને પણ આ મહાઅભિયાનમાં જોડાવાની ઈચ્છા થઈ. શૈલેષ જ્યાં રહેતા હતા ત્યાં ગટરની મોટી સમસ્યા હતી. શૈલેષે વોલિયેન્ટર તરીકે જોડાવાને બદલે એક નવો આઈડિયા વિચાર્યો. તે બેંક પાસે એક દરખાસ્ત લઈને પહોંચ્યા. બેંકે તેમના પ્રયાસોની પ્રશંસા કરતા મુદ્રા યોજના હેઠળ તેમને કુલ 8.57 લાખ રૂપિયાની લોન આપી. શૈલેષે આ પૈસાથી એક ટેન્કર, સક્શન પંપ અને અન્ય સાધનો ખરીદ્યા. આજે આ યુનિટ દ્વારા શૈલેષ માત્ર સ્વચ્છતામાં યોગદાન નથી આપી રહ્યા, પરંતુ રાષ્ટ્ર સેવાના વિચારને પોતાની આજીવિકા સાથે જોડીને સારી આવક પણ મેળવી રહ્યા છે.*

## સમાજના કેટેગરીવાઈઝ લાભ

### લોન રકમ




### લોન સંખ્યા





આંકડા 28.02.2025 સુધી




## નવા ઉદ્યમીનો મોટો સહારો

### નવા ઉદ્યમી/લોન સંખ્યા હિસ્સેદારી




### નવા ઉદ્યમી/લોન રકમ હિસ્સેદારી




આંકડા 28.02.2025 સુધી



*જો યુવાનોને દાયકાઓ પહેલા મુદ્રા જેવી યોજનાઓ મળી હોત, તો શહેરો તરફ સ્થળાંતરની સમસ્યા આટલી ગંભીર ન હોત. બેંક ગેરંટી વિના ઓછા વ્યાજ દરે લોન મેળવીને યુવાનોએ પોતાના ગામ કે શહેરમાં જ પોતાના દમ પર રોજગારીનું સર્જન કર્યું હોત. આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ કોઈ ગેરંટી વિના મુદ્રા લોન મળી રહી છે. એક સામાન્ય માણસ પણ મુદ્રા લોનની મદદથી ઉદ્યોગસાહસિક બની શકે છે.*

**- નરેન્દ્ર મોદી,** પ્રધાનમંત્રી

- **કોઈપણ વ્યક્તિ, જે લોન માટે પાત્ર છે અને નાના ઉદ્યોગ સાહસ માટે વ્યવસાય યોજના ધરાવે છે, તે પીએમ મુદ્રા યોજના હેઠળ લોન મેળવી શકે છે.**
- **આવક ઉત્પન્ન સંબંધિત મેન્યુફેક્ચરિંગ, વેપાર, સેવા ક્ષેત્ર અને કૃષિ સંબંધિત વ્યવસાયો જેમ કે મરઘા પાલન, ડેરી, મધમાખી ઉછેર, દુકાનદારો, ફળ અને શાકભાજી વિક્રેતાઓ, ટ્રક અથવા અન્ય વાહન ચાલકો, નાના ઉદ્યોગો, કારીગરો અને અન્ય લોકો પણ અરજી કરી શકે છે.**


## મુદ્રાનો મળ્યો સહારો

*બિહારની રાજધાની પટનાની રૂબી દેવી પણ એવા કરોડો લોકોમાં સામેલ છે, જેમના પરિવારના સપનામાં રંગ ભરવાનું કામ મુદ્રા યોજનાએ કર્યું છે. રૂબીના*



*પતિ પેઈન્ટર છે. ક્યારેક કામ મળે છે, તો ક્યારેક નથી મળતું. પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ હતું. આવી સ્થિતિમાં રૂબીએ મુદ્રા યોજના વિશે સાંભળ્યું. તેણે પોતાના નામે લોન લીધી. આ પૈસાથી તેના સસરાએ મોટા વાસણો ખરીદ્યા અને કેટલાક લોકોને નોકરી પર રાખ્યા. લગ્ન અને અન્ય કાર્યક્રમોમાં ભોજન બનાવવાનું કામ શરૂ કર્યું. ધીમે-ધીમે પરિવારની આવક વધતી ગઈ. આજે આ સહાયને કારણે રૂબીના પરિવારની આર્થિક સ્થિતિ સારી થઈ ગઈ છે. રૂબીના બાળકો પણ સારી શાળામાં અભ્યાસ કરે છે.*

## મુદ્રા લોનની સંખ્યા અને રકમ (8 એપ્રિલ, 2015થી 28 ફેબ્રુઆરી, 2025 સુધી)




**કુલ લોન સંખ્યા 52.07 કરોડ** **કુલ રકમ 33.19 લાખ કરોડ રૂપિયા**

વિશ્વાસ દેશવાસીઓનો, કારણ કે દેશને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે. ગરીબી વિરુદ્ધ આ મહાઅભિયાનમાં દેશની સૂક્ષ્મ નાણાકીય સંસ્થાઓ, જાહેર/ખાનગી/પ્રાદેશિક ગ્રામીણ બેંકો, નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ સામેલ થઈ. આ સંસ્થાઓએ નાના વેપારીઓ પાસે જઈને તેમને ઓળખવાના હતા. આ મધ્યસ્થીને મુદ્રા લિમિટેડ દ્વારા ઓછા વ્યાજ દરે રકમ આપવામાં આવી હતી, જેથી તેઓ ઓછા વ્યાજ દરે લોકોને લોન આપી શકે. આ માટે ત્રણ કેટેગરી (હવે ચાર) નક્કી કરવામાં આવી હતી. આ સાથે મુદ્રા કાર્ડની વ્યવસ્થા લોન ઉપરાંત કેટલીક વધારાની રકમની જરૂરિયાતને

- **ઘણી બેંકો અને નાણાકીય સંસ્થાઓએ લોન અરજીઓ માટે ઓનલાઈન પ્લેટફોર્મ અને મોબાઈલ એપ્સ શરૂ કરી છે, જેનાથી કાગળકામ અને શાખાઓની રૂબરૂ મુલાકાતની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે.**

mudra

Tuesday March 4, 2025 16:53 PM हिंदी A- A A+

LOGIN FOR PMMY PORTAL

# ચાલો સમજીએ મુદ્રા લોનની અરજી પ્રક્રિયા

**મુદ્રા લોન માટે ઓનલાઈન અરજી કરવા માટે સૌથી પહેલા https://www.mudra.org.in/ વેબસાઈટ પર જવાનું રહેશે. ત્યાંથી ફોર્મ ડાઉનલોડ કરો. તમે જે કેટેગરીમાં લોન લેવા માંગો છો તેનો ઉલ્લેખ કરીને ફોર્મ ભરો અને જરૂરી દસ્તાવેજો સાથે બેંકમાં જમા કરાવી દો.**

### અરજી કરતા પહેલા આ દસ્તાવેજો રાખો તૈયાર

- ઓળખનો પુરાવો
- સરનામાનો પુરાવો
- પાસપોર્ટ સાઈઝનો ફોટો
- અરજદારની સહી
- વ્યવસાયના સ્થળનું સરનામું પુરાવા, જ્યાં જરૂરી હોય ત્યાં

### આ છે નોંધણી કરાવવાની તબક્કાવાર પ્રક્રિયા

**તબક્કો 1**

**પીએમ મુદ્રાની સત્તાવાર વેબસાઈટ mudra.org.in/ જન સમર્થ પોર્ટલ / કોઈપણ બેંકની નજીકની શાખાની મુલાકાત લો.**

**તબક્કો 2**

**મુદ્રા લોન 'અપ્લાય નાઉ' પર ક્લિક કરો.**

**તબક્કો 3**

**નીચેનામાંથી એક પસંદ કરો: નવા ઉદ્યોગસાહસિક/હાલના ઉદ્યોગસાહસિક/સ્વ-રોજગાર વ્યાવસાયિક.**

**તબક્કો 4**

**પછી અરજદારનું નામ, ઈમેઈલ અને મોબાઈલ નંબર ભરો અને OTP જનરેટ કરો.**

## નોંધણી પછી

- **તબક્કો 1:** વ્યક્તિગત વિગતો અને વ્યવસાયની વિગતો ભરો.
- **તબક્કો 2:** પ્રોજેક્ટ પ્રસ્તાવ વગેરે તૈયાર કરવામાં જો કોઈ સહાયની જરૂર હોય તો સહાયક એજન્સીઓ પસંદ કરો, અન્યથા 'લોન એપ્લિકેશન સેન્ટર' પર ક્લિક કરો.
- **તબક્કો 3:** જરૂરી લોન કેટેગરી પસંદ કરો - મુદ્રા શિશુ / મુદ્રા કિશોર / મુદ્રા તરુણ/મુદ્રા તરુણ પ્લસ.
- **તબક્કો 4:** વ્યવસાયનું નામ, વ્યવસાય પ્રવૃત્તિ વગેરે વિગત ભરો અને વેપારનો પ્રકાર જેમ કે ઉત્પાદન, સેવા, વેપાર અથવા કૃષિ સંબંધિત ગતિવિધિઓ પસંદ કરો.
- **તબક્કો 5:** માલિકની વિગતો, હાલની બેન્કિંગ અને લોન સુવિધાઓ, પ્રસ્તાવિત લોન સુવિધાઓ, ભવિષ્યના અંદાજો અને પસંદગીના ધિરાણકર્તા જેવી અન્ય વિગતો ભરો.
- **તબક્કો 6 :** તમામ જરૂરી દસ્તાવેજો જેવા કે ઓળખનો પુરાવો, સરનામાનો પુરાવો, અરજદારનો ફોટો, અરજદારની સહી, વ્યવસાયિક સાહસનું સરનામું વગેરેને જોડો
- **તબક્કો 7:** અરજી જમા કર્યા પછી એક અરજી નંબર જનરેટ થાય છે જે ભવિષ્યના સંદર્ભ માટે સાચવી રાખવો જરૂરી છે.

### અરજી પ્રક્રિયાને સરળ બનાવવા માટે સરકારના પગલા

સરકારે પીએમ મુદ્રા યોજનાના અસરકારક અમલીકરણ માટે અનેક પગલા લીધા છે, જેમાં પ્રચાર ઝુંબેશ, સરળ અરજી ફોર્મેટ, લોન ગેરંટી યોજના, મુદ્રા નોડલ ઓફિસરની નિમણૂક, જન સમર્થ પોર્ટલનો સમાવેશ થાય છે, જે અરજદારના ડેટાના ડિજિટલ મૂલ્યાંકનના આધારે મંજૂરી સાથે ઝડપી અને કાર્યક્ષમ લોન વિતરણનો રસ્તો સરળ બનાવે છે.

### પીએમ મુદ્રા લોન માટે પાત્ર અરજદારો

વ્યક્તિઓ, માલિકીની કંપનીઓ, ભાગીદારી પેઢીઓ, ખાનગી મર્યાદિત કંપનીઓ વગેરે પીએમ મુદ્રા લોન માટે અરજી કરવા પાત્ર છે. જોકે અરજદાર કોઈપણ બેંક કે નાણાકીય સંસ્થાનો ડિફોલ્ટર ન હોવો જોઈએ. તેમનો ક્રેડિટ ટ્રેક રેકોર્ડ સંતોષકારક હોવો જોઈએ.

પૂર્ણ કરવા માટે કરવામાં આવી હતી, જેથી વ્યક્તિને શાહુકારો પાસે પાછા ન જવું પડે. આ કાર્ડનો ઉપયોગ કટોકટીની સ્થિતિમાં થઈ શકે છે. મુદ્રા કાર્ડ એક નવીન લોન પહેલ છે, જેમાં લોન લેનાર કોઈપણ મુશ્કેલી વિના પોતાની સુવિધા મુજબ લોન મેળવી શકે છે. આમાં ઉધાર લેનારને ઓવરડ્રાફ્ટની સુવિધા મળે છે. મુદ્રા કાર્ડ એક RuPay ડેબિટ કાર્ડ હોવાથી, તેનો ઉપયોગ ATM અથવા બિઝનેસ કોરસપોન્ડન્ટમાંથી રોકડ ઉપાડવા અથવા પોઈન્ટ ઓફ સેલ (POS)

# ચોથી કેટેગરીમાં હવે 20 લાખ રૂપિયા સુધીની લોન

કેન્દ્ર સરકાર જોબ સીકરને બદલે જોબ ક્રિએટર બનવામાં મૂડી અવરોધ દૂર કરી રહી છે. મુદ્રા યોજના હેઠળ શરૂઆતમાં શિશુ, કિશોર અને તરુણ એમ ત્રણ કેટેગરીઓ બનાવવામાં આવી હતી, જેમાં લોન મર્યાદા અલગ-અલગ હતી. તરુણ કેટેગરીમાં લોનની મહત્તમ મર્યાદા 10 લાખ રૂપિયા સુધીની હતી. નાણાકીય વર્ષ 2024-25 યોજનામાં એક નવી કેટેગરી તરુણ પ્લસ બનાવવામાં આવી છે, જે હેઠળ એવા ઉદ્યોગસાહસિકોને 20 લાખ રૂપિયાની લોન આપવામાં આવશે જેમણે અગાઉ તરુણ કેટેગરી હેઠળ 10 લાખ રૂપિયાની લોન લીધી છે અને સફળતાપૂર્વક તેની ચુકવણી કરી છે. આનાથી નવા ઉદ્યમને મજબૂતીથી આગળ વધારનારા નવા લોકોને મદદ મળશે. આ લોનને પણ માઈક્રો યુનિટ્સ માટે ક્રેડિટ ગેરંટી ફંડ હેઠળ આવરી લેવામાં આવશે, જેનાથી નાના વ્યવસાયો માટે ધિરાણ મેળવવાનું સરળ બનશે. હવે મુદ્રા લોન ચાર કેટેગરીમાં આપવામાં આવે છે.

**શિશુ લોન**
**50,000 રૂપિયા સુધી**

**કિશોર લોન**
**50 હજારથી 5 લાખ સુધી**

**તરુણ લોન**
**5 લાખ રૂ.થી 10 લાખ રૂપિયા સુધી**

**તરુણ પ્લસ**
**10 લાખ રૂપિયાથી ઉપરના 20 લાખ રૂપિયા સુધી**

- મુદ્રા લોન માટે કોઈ ગેરંટીની જરૂર નથી. લોન સંબંધિત તમામ બાબતોને RBI દ્વારા નિયંત્રણમુક્ત કરવામાં આવી છે. RBI માર્ગદર્શિકા અનુસાર બેંકો  તેમની પોતાની ધિરાણ નીતિઓ અનુસાર લોન આપે છે. પીએમએમવાય લોન માટે વસૂલવામાં આવતો વ્યાજ દર ભંડોળના ખર્ચ, જોખમ મૂલ્યાંકન, લોનની મુદત વગેરે પર આધારિત છે.
- મહત્ત્વાકાંક્ષી યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી શિશુ લોનને પ્રાથમિકતા આપવામાં આવે છે.

## ઘણા ફાયદા

- મુદ્રા રૂપે ડેબિટ કાર્ડ દ્વારા લોન લેનાર વ્યક્તિ કોઈપણ મુશ્કેલી વિના પોતાની સુવિધા મુજબ લોનની રકમ ઉપાડી શકે છે.
- આ કાર્ડના માધ્યમથી લોન લેનારને ઓવરડ્રાફ્ટ સુવિધા મળે છે, જેનાથી કાર્યકારી મૂડીમાં સરળતા રહે છે.
- મુદ્રા કાર્ડનો ઉપયોગ એટીએમ અથવા બિઝનેસ કોરસપોન્ડન્ટમાંથી રોકડ ઉપાડવા અથવા પોઈન્ટ ઓફ સેલ મશીનનો ઉપયોગ કરીને ખરીદી કરવા માટે થઈ શકે છે.
- લોન ધારક પાસે જો વધારાની રકમ ઉપલબ્ધ હોય તો તે આ માધ્યમ દ્વારા પણ તેને ચૂકવી શકે છે. આમ કરવાથી ઉદ્યોગસાહસિકનો વ્યાજ ખર્ચ ઓછો થાય છે.



### મુદ્રા લોનથી ત્રણ વર્ષમાં રોજગારીનું સર્જન

શ્રમ અને રોજગાર મંત્રાલયે PMMY હેઠળ રોજગાર સર્જન સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય સ્તર પર એક સર્વે હાથ ધર્યો હતો. સર્વેના પરિણામો અનુસાર  વર્ષ 2015થી 2018 એટલે કે ત્રણ વર્ષમાં 1.12 કરોડ વધારાની નોકરીઓનું સર્જન કરવામાં આ યોજનાએ મદદ કરી છે.



મશીનનો ઉપયોગ કરીને ખરીદી કરવા માટે થઈ શકે છે. જ્યારે પણ વધારાની રોકડ ઉપલબ્ધ હોય ત્યારે રકમ ચૂકવવાની સુવિધા પણ તેમાં છે, જેનાથી વ્યાજ ખર્ચ ઓછો થાય છે.

### નોકરી શોધનારાઓ નહીં, પણ નોકરી આપનારાઓ થઈ રહ્યા છે તૈયાર

મુદ્રા યોજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિલની ખૂબ નજીક છે,







## તમારા બધા પ્રશ્નોના જવાબ

- **શું ખાદી પ્રવૃત્તિ પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોન મેળવવા પાત્ર છે?**
  હા, મુદ્રા લોન કોઈપણ એવી પ્રવૃત્તિ માટે મેળવી શકાય છે, જેમાં આવક ઉત્પન્ન થતી હોય. ખાદી કાપડ ક્ષેત્ર હેઠળની પાત્ર પ્રવૃત્તિઓમાંની એક છે. જો મુદ્રા લોન આવક વધારવા માટે લેવામાં આવે છે, તો તેને આવરી લેવામાં આવી શકે છે.

- **શું CNG ટેમ્પો/ટેક્સી ખરીદવા માટે મુદ્રા લોન ઉપલબ્ધ છે?**
  જો અરજદાર વાહનનો ઉપયોગ વાણિજ્યિક હેતુ માટે કરવા માંગે છે, તો CNG ટેમ્પો/ ટેક્સી ખરીદવા માટે મુદ્રા લોન ઉપલબ્ધ રહેશે.

- **મારી પાસે બેંકમાં બચત ખાતું છે, શું આ ખાતાના આધારે મુદ્રા હેઠળ લોન મળશે?**
  હા, અરજદાર શાખાનો સંપર્ક કરી શકે છે. મુદ્રા લોન સાથે જોડાયેલી સંસ્થા પાસેથી લોન માટે અરજી કરી શકાય છે. લોનની શરતો અને નિયમો RBIની વ્યાપક માર્ગદર્શિકાના આધારે લોન આપતી સંસ્થાની નીતિઓ અનુસાર નક્કી કરવામાં આવશે. લોનની રકમ પ્રસ્તાવિત આવક ઉત્પન્ન કરતી પ્રવૃત્તિની જરૂરિયાત મુજબ નક્કી કરવામાં આવશે. ચુકવણીની શરતો ગતિવિધિઓમાંથી અપેક્ષિત રોકડ પ્રવાહ દ્વારા નક્કી કરવામાં આવશે.

- **PMMY-શિશુ લોન હેઠળ લોન દરખાસ્તની પ્રક્રિયા કરવામાં કેટલો સમય લાગે છે?**
  RBI દ્વારા સ્થાપિત બેન્કિંગ કોડ્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા (BCSBI) મુજબ 5 લાખ રૂપિયા સુધીની ક્રેડિટ મર્યાદા માટે લોન અરજીઓ 2 અઠવાડિયામાં પ્રક્રિયા કરવી જોઈએ.

- **શું પીએમ મુદ્રા યોજના હેઠળ 10 લાખ રૂપિયાની લોન મેળવવા માટે છેલ્લા 2 વર્ષના આવકવેરા રિટર્ન સબમિટ કરવા જરૂરી છે?**
  સામાન્ય રીતે નાના મૂલ્યની લોન માટે આવકવેરા રિટર્નનો આગ્રહ રાખવામાં આવતો નથી. જોકે સંબંધિત લોન આપતી સંસ્થા તેમની આંતરિક માર્ગદર્શિકા અને નીતિઓના આધારે દસ્તાવેજોની જરૂરિયાત અંગે સલાહ આપશે.

- **શું પીએમ મુદ્રા લોન અપાવવા માટે કોઈ એજન્ટ કામ કરે છે?**
  મુદ્રા લોન મેળવવા માટે મુદ્રા દ્વારા કોઈ એજન્ટ કે વચેટિયા નિયુક્ત કરવામાં આવતા નથી. લોન લેનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ PMMY ના એજન્ટ/ સુવિધાકર્તા તરીકે પોતાને ઓળખાવતા વ્યક્તિઓથી દૂર રહે.

કારણ કે આ યોજનાથી નીકળેલા મહેનતુ યુવાનો, સાહસિક યુવાનો અને પરંપરામાંથી બહાર નીકળેલી મહિલા શક્તિ આજે દેશની સમૃદ્ધિ અને સમાજના કલ્યાણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. આ યોજનાએ યુવાનોને નોકરી શોધનારાઓને બદલે નોકરીદાતા બનવામાં મદદ કરી છે. પીએમ મોદી કહે છે પ્રધાનમંત્રી આવાસે મને મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે થોડો સમય વિતાવવાની તક મળી, તેમના અનુભવો, તેમના સંઘર્ષો, તેમની પ્રગતિની કહાનીઓ સંતોષ આપે છે અને મનને ગર્વથી પ્રફૂલ્લિત કરી દે છે. સરકારનો ગરીબ પર વિશ્વાસ, ગરીબોના સપનાઓમાં વિશ્વાસ, ગરીબોની મહેનતમાં વિશ્વાસ - આજે આ યોજનાનો પાયો છે. મુદ્રા યોજનાની સફળતાને જોતા પ્રધાનમંત્રી મોદી ભારપૂર્વક જણાવે છે કે જો યુવાનોને દાયકાઓ પહેલા મુદ્રા જેવી યોજના મળી હોત તો શહેરો તરફ સ્થળાંતરની સમસ્યા આટલી ગંભીર ન હોત. બેંક ગેરંટી વિના લોન મેળવીને, ઓછા વ્યાજ દરે લોન મેળવીને, યુવાનો પોતાના ગામ કે શહેરમાં રહીને જાતે રોજગારીનું સર્જન કર્યું હોત. આજે ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ કોઈ ગેરંટી વિના મુદ્રા લોન મેળવી રહી છે. આજે એક સામાન્ય માણસ, કોઈ ખાસ નામ અને ઓળખ વગરનો વ્યક્તિ પણ મુદ્રા લોનની મદદથી ઉદ્યોગસાહસિક

બની શકે છે.


આજે દેશમાં પ્રતિભાનો કોઈ અભાવ નથી. દરેક વ્યક્તિ પાસે ભલે તે ગમે તે ક્ષેત્રમાં હોય કે ગમે તે વર્ગનો હોય, તેની પાસે કોઈને કોઈ ખાસ કુશળતા હોય જ છે. જરૂર છે તે પ્રતિભાને ઓળખવાની અને તેને પ્રોત્સાહન આપવાની. મુદ્રા યોજનાથી લોકોને ખાસ કરીને યુવાનોના આ કૌશલ્યને બળ મળી રહ્યું છે. જ્યારે પ્રતિભાને પ્રોત્સાહન મળે છે, ત્યારે તે વધુ ખીલે છે અને જીવનમાં પરિવર્તન લાવે છે. પીએમ મુદ્રા યોજના હેઠળ 20 ટકાથી વધુ લોન એવા લોકોને આપવામાં આવી છે, જેમણે પહેલી વાર પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે અથવા પહેલી વાર મુદ્રા લોન માંગી છે. આ એવા લોકો છે જે એક રીતે બેરોજગારીમાંથી બહાર આવ્યા છે અને રોજગારી પેદા કરવાની સ્થિતિમાં છે. એટલું જ નહીં લગભગ 68 ટકા લોન મહિલાઓને આપવામાં આવી છે. જ્યારે એક મહિલા આગળ વધે છે અને આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બને છે, ત્યારે સમગ્ર પરિવારનો આત્મવિશ્વાસ વધે છે, વિચારસરણી બદલાય છે અને સમાજ સશક્ત બને છે.

મુદ્રા યોજનાથી મહિલાઓની આર્થિક શક્તિ અને સામાજિક નિર્ણયોમાં ભાગીદારી વધી છે. તેવી જ રીતે મુદ્રા યોજના હેઠળ 50 ટકાથી વધુ લોન પછાત સમુદાયના લોકોને આપવામાં આવી છે. મુદ્રા યોજના નાણાકીય સમાવેશમાં પરિવર્તનનું ઉદાહરણ બની ગઈ છે. મુદ્રાના માધ્યમથી SC-ST યુવાનોને વ્યવસાય શરૂ કરવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવાનું સપનું સાકાર થઈ રહ્યું છે. આ યોજનાના અમલીકરણથી દેશભરના પરિવારોની જીવનશૈલીમાં સુધારો થયો છે, તેઓ તેમના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શક્યા છે અને અન્ય લોકોને રોજગારની ઘણી તકો પણ પૂરી પાડી રહ્યા છે. સામાજિક રીતે પછાત વર્ગો માટે આ અત્યાર સુધીનો સૌથી મોટો નાણાકીય સમાવેશ છે.

ભારતમાં દાયકાઓથી ગરીબીના નામે નારા લગાવવામાં આવ્યા છે અને ગરીબોના ઉત્થાનની વાતો કરવામાં આવી છે, પરંતુ મુદ્રા યોજના એક એવી યોજના છે જે પછાત સમાજને સશક્ત બનાવવા અને તેમને કોઈપણ ભેદભાવ વગર આર્થિક અને સામાજિક શક્તિ આપવાનું કામ કરી રહી છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના એક દાયકા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આવકનું સર્જન કરનારી ગતિવિધિઓ માટે બિન-કોર્પોરેટ, બિન-કૃષિ નાના અને સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકોને આવક ઉત્પન્ન કરતી પ્રવૃત્તિઓ માટે 10 લાખ રૂપિયા સુધીની વગર ગેરંટી વાળી અસુરક્ષિત સૂક્ષ્મ લોનની સરળ



## સરેરાશ લોન માંગ ઓછી









> ***જ્યારે પ્રતિભાને પ્રોત્સાહન મળે છે, ત્યારે તે વધુ ખીલે છે અને જીવન બદલાઈ જાય છે. ધારો કે કોઈને કપડા પર ભરતકામ કરવાની આવડત હતી, તેણે મુદ્રા લોન લીધી અને કપડા પર ભરતકામનો વ્યવસાય શરૂ કર્યો. કોઈને પોતાનું હેન્ડલૂમ શરૂ કરવામાં મદદ મળી. મુદ્રા યોજનાએ એક રીતે દેશના સામાન્ય માણસના કૌશલ્યને નિખારવાનું કામ કર્યું છે અને લોકોને સશક્ત બનાવવાનું કામ કર્યું છે.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સુલભતા પૂરી પાડવાના ઉદ્દેશ સાથે શરૂઆત કરવામાં આવી હતી, જે હવે વધીને 20 લાખ સુધી પહોંચી ગઈ છે. શરૂઆતથી લઈને ફેબ્રુઆરી 2025 સુધીના ડેટા મુજબ 52 કરોડથી વધુ લોન અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાએ દેશમાં સૂક્ષ્મ ઉદ્યોગોને વગર ગેરંટીની લોનની સરળ સુલભતા પ્રદાન કરી છે. મુદ્રા યોજનાને પ્રોત્સાહન આપવાની સરકારની નીતિએ લાખો MSMEને હવે ઔપચારિક અર્થતંત્રનો ભાગ બનવા સક્ષમ બનાવ્યા છે અને આનાથી તેમને વધુ પડતા વ્યાજ દરે નાણાં ઉછીના આપતા શાહુકારોના ચુંગાલમાંથી બહાર નીકળવામાં મદદ મળી છે. દેશના ઉભરતા ઉદ્યોગસાહસિકોને સરળતાથી ધિરાણ મળવાથી નવીનતા આવી છે અને માથાદીઠ આવકમાં સતત વૃદ્ધિ થઈ છે.

નિશ્ચિતપણે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાએ ભારતમાં ઉદ્યોગસાહસિકતાના પરિદૃશ્યને મૂળભૂત રીતે બદલી નાખ્યું છે, જેનાથી નાણાકીય અને સામાજિક સમાવેશમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ યોજનાએ અસંખ્ય નવા ઉદ્યોગસાહસિકોને તેમના વ્યવસાયિક સપનાઓને સાકાર કરવામાં સક્ષમ બનાવ્યા છે. છેલ્લા અમુક વર્ષોમાં આ યોજનાએ મહિલાઓ અને લઘુમતી સમુદાયોને સશક્ત બનાવ્યા છે, આર્થિક ઉત્થાન માટે તકો ઉભી કરી છે અને વધુ સમાવિષ્ટ વિકાસ માટે વાતાવરણને પ્રોત્સાહન આપ્યું છે. મુદ્રા યોજના હેઠળ લોનની રકમ વધારીને 20 લાખ રૂપિયા કરવાથી દેશને પ્રગતિના માર્ગ પર લઈ જવામાં વધુ મદદ મળશે. સરકારના આ નિર્ણયની અસર આગામી સમયમાં નાના ઉદ્યોગોથી લઈને રોજગાર સર્જન સુધી દેખાશે. ■

સ્ટેન્ડઅપ ઈન્ડિયા યોજનાના નવ વર્ષ

# SC, ST અને મહિલા ઉદ્યોગસાહસિકો માટે મજબૂત આધાર

*બેંકોના રાષ્ટ્રીયકરણના દાયકાઓ પછી 2014 સુધીમાં દેશની લગભગ અડધી વસ્તી બેન્કિંગ સિસ્ટમની બહાર હતી. આવી સ્થિતિમાં જ્યારે સિસ્ટમ બદલાઈ, ત્યારે ન ફક્ત 55 કરોડ જન ધન ખાતા ખોલવામાં આવ્યા, પરંતુ યુવાનોને રોજગારી આપનારા બનાવવા માટે ગેરંટી વગરની લોન માટેની યોજનાઓ પણ શરૂ કરવામાં આવી. 5 એપ્રિલ, 2016ના રોજ શરૂ કરાયેલી સ્ટેન્ડઅપ ઈન્ડિયા યોજના આમાંથી એક છે. આ યોજનાના આંકડા પણ તેની સફળતાની કહાની કહે છે. 9 વર્ષની અંદર સ્ટેન્ડઅપ ઈન્ડિયાએ 2.67 લાખ અરજદારોને 60 હજાર કરોડ રૂપિયાથી વધુની લોન આપીને SC, ST સમુદાયની સાથે તમામ વર્ગોની મહિલાઓના ઉદ્યોગસાહસિકતાને આપી એક નવી ગતિ...*

ભારત સરકારની સ્ટેન્ડઅપ ઈન્ડિયા યોજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચારનું પરિણામ છે, જેનો ઉદ્દેશ્ય દેશમાં નવા ઉદ્યોગસાહસિકો અને યુવાનોમાં સ્વ-રોજગારની સાથે ઉદ્યોગસાહસિકતાની ભાવનાને આર્થિક મજબૂતી આપવાનો ઉદ્દેશ્ય છે. ખાસ કરીને અનુસૂચિત જાતિ/જનજાતિ અને મહિલા વર્ગને ધ્યાનમાં રાખીને રચાયેલી સ્ટેન્ડઅપ ઈન્ડિયા યોજના આત્મનિર્ભર ભારતના દૃઢ સંકલ્પને પ્રાપ્ત કરવા માટે એક મજબૂત કડી તરીકે ઉભરી આવી છે. સ્ટેન્ડઅપ ઈન્ડિયા હેઠળ અત્યાર સુધીમાં 82 ટકાથી વધુ લોન મહિલા ઉદ્યોગસાહસિકોને આપવામાં આવી છે.

### 10 લાખથી 1 કરોડ રૂપિયા સુધી લોન

સ્ટેન્ડ અપ ઈન્ડિયાનો ઉદ્દેશ્ય ઉત્પાદન, સેવાઓ, વેપાર અને કૃષિ-સંલગ્ન ક્ષેત્રોમાં ગ્રીનફિલ્ડ સાહસો સ્થાપવા માટે અનુસુચિત વાણિજ્યિક બેંકો (SCB) દ્વારા બેંક શાખા દીઠ ઓછામાં ઓછા એક અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ અરજદાર અને એક મહિલા અરજદારને ₹10 લાખ રૂપિયાથી 1 કરોડ રૂપિયા સુધીની લોન પૂરી પાડવાનો છે. ગ્રીનફિલ્ડ વેન્ચર એ એક એવા સાહસને કહેવાય છે, જેમાં કોઈ વ્યક્તિ નવી પ્રોડક્ટ બનાવવા માગે છે અથવા નવી સેવા પૂરી પાડવા માંગે છે અથવા તે નવા બજારમાં વિસ્તરણ કરવા માંગે છે, સાથે જ લોન માટે જો કોઈ એકમ અરજી કરી રહ્યું હોય તો તેમાં ઓછામાં ઓછો 51% હિસ્સો SC/ST અથવા મહિલા પાસે હોવો જોઈએ. અરજદારની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ હોવી જોઈએ. જો અરજદાર પુરુષ હોય તો તે SC વર્ગ અથવા ST શ્રેણીનો હોવો જોઈએ.

સ્ટેન્ડઅપ ઈન્ડિયાના સત્તાવાર પોર્ટલ https://www.standupmitra.in/Login/Register પર જઈને લોન માટે અરજી કરી શકો છો. આ ઉપરાંત www.jansamarth.in પોર્ટલ પર પણ લોન માટે અરજી કરી શકાય છે. ▪



**4 ગણી વધી મંજૂર લોનની રકમ**

| માર્ચ 2018 | ફેબ્રુઆરી, 2025 |
|---|---|
| 15,233.78 કરોડ રૂપિયા | 60,503 કરોડ રૂપિયા |

- મંજૂર ખાતા 2.67 લાખ
- મંજૂર રકમ 60,555 કરોડ રૂપિયા

5 માર્ચ, 2025 સુધીના આંકડા



# સહકારિતામાં વૈશ્વિક ભાગીદારીથી વધશે સમૃદ્ધિ

*સહકારિતાથી સમૃદ્ધિના મિશન સાથે જુલાઈ 2021માં એક વિશેષ મંત્રાલયની રચના કરવામાં આવી હતી અને હવે વૈશ્વિક ભાગીદારી સાથે આ દિશામાં વધુ મજબૂત પહેલ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સંદર્ભમાં 6 માર્ચે સહકારિતા ક્ષેત્રની સમીક્ષા દરમિયાન આપ્યો એક નવો મંત્ર...*

સહકારિતા એ આત્મનિર્ભરતાનું સૌથી સુંદર વર્ણન છે અને આ દેશના ખાદ્ય ઉત્પાદકોને સમૃદ્ધ બનાવવાનું એક શક્તિશાળી માધ્યમ પણ છે. ભારતમાં સહકારિતાથી સમૃદ્ધિના સિદ્ધાંત પર આધારિત સહકારિતા મોડેલ ન ફક્ત સમાવેશી છે, પરંતુ દરેક ગામ સુધી પહોંચવાની સાથે આનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક બંધનોને પણ મજબૂત કરવાનો છે. હવે આને વધુ મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય સહકારિતા ક્ષેત્રનો વિસ્તાર કરવા અને વૈશ્વિક સંગઠનોની સાથે ભાગીદારીની જરૂરિયાત અને સહકારિતા સંગઠનોના માધ્યમથી જૈવિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. સહકારિતા ક્ષેત્રની પ્રગતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નિકાસના બજારો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને કૃષિ પદ્ધતિઓમાં સુધારો કરવા માટે સહકારિતા સમિતિઓના માધ્યમથી માટી પરીક્ષણ મોડેલ વિકસાવવાનું સૂચન પણ કર્યું હતું.




## સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલો છે દેશની વસ્તીનો પાંચમો ભાગ

- હાલમાં દેશની વસ્તીનો પાંચમો ભાગ સહકારિતા ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. તેમાં 30થી વધુ વિસ્તારોમાં ફેલાયેલી 8.2 લાખથી વધુ સહકારિતા સંસ્થાઓનો સમાવેશ થાય છે. 30 કરોડથી વધુ લોકો આના સભ્યો છે.
- 'સહકારિતાથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરતા સહકારિતા મંત્રાલયે વ્યાપક પરામર્શ પ્રક્રિયા દ્વારા રાષ્ટ્રીય સહકારિતા નીતિ 2025નો મુસદ્દો તૈયાર કર્યો છે. તેનો ઉદ્દેશ સહકારિતા ક્ષેત્રના વ્યવસ્થિત અને સર્વાંગી વિકાસને સરળ બનાવવાનો છે.
- મંત્રાલયે સહકારિતા આંદોલનને પ્રોત્સાહન આપવા અને મજબૂત બનાવવા માટે 7 મુખ્ય ક્ષેત્રોમાં 60 પહેલ કરી છે.
- ભારત સરકારે સહકારિતા સંસ્થાઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જેમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના સ્તરે 10થી વધુ મંત્રાલયોની 15થી વધુ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને પરિપત્રતા પર વર્કશોપનું ઉદ્ઘાટન

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે 3 માર્ચે નવી દિલ્હીમાં 'ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને પરિપત્રતા પર કાર્યશાળા'નું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યશાળામાં સહકારિતા મંત્રાલય અને મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયની નીતિઓ અને પહેલ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ ડેરી ફાર્મિંગમાં ટકાઉપણું સાથે આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત કરતી વખતે પર્યાવરણીય સંરક્ષણ સુનિશ્ચિત કરવાનો છે. ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલતા સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું કે આજે જ્યારે આપણે શ્વેત ક્રાંતિ-2 તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે ટકાઉપણું અને પરિપત્રતાનું ખૂબ મહત્ત્વ વધી જાય છે. શ્વેત ક્રાંતિ-1 પછી જે પ્રાપ્ત થયું છે તેમાં ટકાઉપણું અને પરિપત્રતા હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. તેમણે કહ્યું કે શ્વેત ક્રાંતિ 2.0 નું મુખ્ય લક્ષ્ય ટકાઉપણું અને પરિપત્રતા છે અને શરૂઆતથી જ આનું ધ્યાનમાં રાખવું જોઈએ.

વર્કશોપ દરમિયાન ઘણા રાજ્યોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને સર્કુલર ડેરી પદ્ધતિઓના વિસ્તરણની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ડેરી ફાર્મિંગને વધુ કાર્યક્ષમ બનાવવામાં અદ્યતન ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. આ વર્કશોપનું આયોજન ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત પીએમ મોદીએ નાણાકીય વ્યવહારોને સરળ બનાવવા માટે UPIને RuPay KCC કાર્ડ સાથે સંકલિત કરવાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો અને સહકારિતા સંસ્થાઓ વચ્ચે સ્વસ્થ પ્રતિસ્પર્ધાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

બેઠકમાં સહકારિતા ક્ષેત્રમાં ટેક્નોલોજીકલ સમાવેશની મદદથી 'સહકારિતાથી સમૃદ્ધિ'ને પ્રોત્સાહન આપવા અને સહકારિતા સંસ્થાઓમાં યુવાનો અને મહિલાઓની ભાગીદારી વધારવા માટેની યોજનાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે સહકારિતા સંસ્થાઓની સંપત્તિના દસ્તાવેજીકરણના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે સહકારી ખેતીને વધુ ટકાઉ કૃષિ મોડેલ તરીકે પ્રોત્સાહન આપવાનું પણ સૂચન કર્યું.

## શાળાઓ, કોલેજો અને IIMમાં ભણાવાશે સહકારિતાના પાઠ

સમીક્ષા બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સહકારિતા ક્ષેત્રમાં કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓને વિસ્તૃત કરવા માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (એગ્રીસ્ટેક)નો ઉપયોગ કરવાનું સૂચન કર્યું. આનાથી કૃષિ ક્ષેત્રને લગતી સેવા સુધી ખેડૂતોની પહોંચ વધુ સરળ કરી શકશે. પ્રધાનમંત્રી મોદીએ શાળાઓ, કોલેજ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM)માં સહકારિતા અભ્યાસક્રમો શરૂ કરવાની સાથે-સાથે ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો.

# 'દેવભૂમિ' ઉત્તરાખંડમાં
# નહીં હોય કોઈ 'ઓફ સીઝન'



*લીલાછમ જંગલો, બરફથી ઢંકાયેલા પહાડો, ખળ-ખળ વહેતી નદીઓ અને શ્રદ્ધાથી ભરેલી ખીણો સાથે દેવોની ભૂમિ, ઉત્તરાખંડ દરેકને પોતાની તરફ આકર્ષે છે. ચારધામ પરિયોજના હોય કે પર્યટન સંબંધિત સુવિધાઓનો વિકાસ... તકોની આ ભૂમિ દરરોજ વિકાસના નવા આયામો લખી રહી છે. શિયાળુ પર્યટન સાથે ઉત્તરાખંડ હવે નવી શક્યતાઓના દરવાજા ખટખટાવી રહ્યું છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આહવાન કર્યું છે કે કુદરતના ખોળામાં વસેલા આ રાજ્યમાં પ્રવાસીઓ માટે નહીં હોય કોઈ 'ઓફ સીઝન'...*

ઉત્તરાખંડ સરકાર છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસના નવા પરિમાણો લખવાનો પ્રયાસ કરી રહી છે, જેમાં કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સમર્થન મળી રહ્યું છે. ઈકો ટુરિઝમથી લઈને ચાર ધામ દિવ્ય સ્થળ સુધી, માઉન્ટેન બાઈકિંગથી લઈને રોક ક્લાઈમ્બિંગ સુધી, સ્કેટિંગથી લઈને બરફ પર રમાતી રમતો સુધી સરકારે નોંધપાત્ર કાર્ય કર્યું છે. છેલ્લા 10 વર્ષમાં સરકારે ઉત્તરાખંડના વિકાસ માટે કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે, જેની અસર દેખાવા લાગી છે.  સરકાર દ્વારા છેલ્લા અમુક વર્ષોમાં કરવામાં આવેલા પ્રયાસોનું પરિણામ એ છે કે ઉત્તરાખંડમાં પ્રવાસનથી લઈને રોજગાર સુધીની તકો ઝડપથી વધી રહી છે. શ્રદ્ધાળુઓ માટે વધારવામાં આવેલી સુવિધાઓને કારણે 2014 પહેલા દર વર્ષે સરેરાશ 18 લાખ યાત્રાળુઓ ચારધામ યાત્રા માટે આવતા હતા, જે હવે વધીને દર વર્ષે લગભગ 50 લાખ થઈ ગયા છે.

પ્રધાનમંત્રી મોદીએ 6 માર્ચે ઉત્તરાખંડના હર્ષિલમાં આયોજિત શિયાળુ પ્રવાસન કાર્યક્રમમાં કહ્યું હતું કે પ્રવાસન ક્ષેત્રે વૈવિધ્યીકરણ લાવવું અને આને આખું વર્ષ ચાલતી પ્રવૃત્તિ બનાવવી ઉત્તરાખંડ માટે મહત્ત્વપૂર્ણ છે. પીએમ મોદી ઈચ્છે છે કે ઉત્તરાખંડમાં કોઈ ઑફ સીઝન ન હોય અને દરેક ઋતુમાં પર્યટનનો વિકાસ થાય. પર્વતોમાં પર્યટન મોસમી છે. માર્ચ, એપ્રિલ, મે અને જૂન મહિના દરમિયાન પ્રવાસીઓની સંખ્યા વધુ હોય છે, પરંતુ તે પછી પ્રવાસીઓની સંખ્યા ઘટવા લાગે છે. તેથી શિયાળા દરમિયાન મોટાભાગની હોટલો, રિસોર્ટ અને હોમસ્ટે ખાલી રહે છે. આ અસંતુલનને કારણે ઉત્તરાખંડ વર્ષના એક મોટા ભાગમાં આર્થિક સ્થિરતાનો સામનો કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે શિયાળા દરમિયાન ઉત્તરાખંડની મુલાકાત લેવાથી દેવભૂમિના દિવ્ય આભાની સાચી ઝલક મળે છે. ઉત્તરાખંડમાં ધાર્મિક યાત્રાઓ માટે શિયાળો ખાસ મહત્ત્વ ધરાવે છે, કારણ કે આ સમય દરમિયાન ઘણા પવિત્ર સ્થળોએ અનોખી ધાર્મિક

## પ્રધાનમંત્રીની અપીલ

- યુવાનો શિયાળામાં પર્યટન માટે પર્વતો પર આવે
- ગઢવાલીમાં 'ધમ તપો પ્રવાસન' ની વિભાવનાનું સૂચન
- કોર્પોરેટ જગત ઉત્તરાખંડમાં મીટિંગો, પરિષદો અને પ્રદર્શનોનું આયોજન કરે
- શિયાળામાં થનારા લગ્નો માટે ઉત્તરાખંડને પ્રાધાન્ય આપો
- ઉત્તરાખંડ શિયાળા દરમિયાન ફિલ્મ શૂટિંગ માટે એક આદર્શ સ્થળ બની જાય
- ઉત્તરાખંડના ગરમ પાણીના ઝરણાઓને વેલનેસ સ્પામાં વિકસાવવા જોઈએ
- બરફથી ઢંકાયેલા વિસ્તારોમાં શિયાળુ યોગ શિબિરોનું આયોજન કરવું જોઈએ
- શિયાળામાં ખાસ વન્યજીવન સફારીનું આયોજન કરવું જોઈએ
- દેશના યુવાનો અને કન્ટેન્ટ ક્રિએટર્સ શિયાળુ પર્યટનને પ્રોત્સાહન આપે
- કન્ટેન્ટ ક્રિએટર્સ દ્વારા શોર્ટ ફિલ્મો બનાવવા માટે સ્પર્ધા થવી હોવી જોઈએ

**મુદ્રા લોન :** પર્યટન અને રોજગારને પ્રોત્સાહન આપવા માટે ઉત્તરાખંડમાં હોમસ્ટેને પ્રોત્સાહન આપવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા મુદ્રા લોન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી હોમસ્ટેનું ચલણ પહાડી રાજ્યોમાં વધવાની આશા છે.

**કેદારનાથ રોપવેના નિર્માણ પછી હાલમાં જે યાત્રા 8થી 9 કલાકમાં પૂરી થાય છે, તે લગભગ 30 મિનિટમાં પૂર્ણ કરી શકાશે.**

> **આપણા પ્રવાસન ક્ષેત્રનું વૈવિધ્યીકરણ કરવું... તેને કાયમી બનાવવું... ઉત્તરાખંડ માટે ખૂબ જ જરૂરી છે. હું ઈચ્છું છું કે ઉત્તરાખંડમાં કોઈ ઑફ સીઝન ન હોય... દરેક ઋતુમાં પર્યટન ચાલુ રહે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વિધિઓ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચાર ધામ ઓલ-વેધર રોડ, આધુનિક એક્સપ્રેસવે, રેલવે, હવાઈ અને હેલિકોપ્ટર સેવાઓમાં વિસ્તાર કરવામાં આવ્યો છે. પર્વતીય વિસ્તારોમાં ઈકો-લોગ હટ્સ, કન્વેન્શન સેન્ટરો અને હેલિપેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ટિમર-સૈન મહાદેવ, માના ગામ અને જાડુંગ ગામ જેવા સ્થળોએ પ્રવાસન માળખાગત સુવિધાઓનો નવેસરથી વિકાસ કરવામાં આવી રહ્યો છે. ઉત્તરાખંડના સરહદી વિસ્તારોને પણ પર્યટનથી લાભ અપાવવા માટે સરકાર કામ કરી રહી છે.




વિકાસ પણ, વારસો પણ

# કેદારનાથ-હેમકુંડ સાહિબમાં રોપવે બનાવશે સરકાર

ભારતના આસ્થાના પ્રતીક કેદારનાથ ધામ અને હેમકુંડ સાહિબનો એ દુર્ગમ સ્થળોમાં સમાવેશ થાય છે, જ્યાં પહોંચવા માટે મુસાફરોને પગપાળા લાંબો અને મુશ્કેલ રસ્તો કાપવો પડે છે. 'વિકાસ પણ, વારસો પણ'ના સંકલ્પ સાથે આગળ વધી રહેલી સરકાર હવે અહીં રોપવે બનાવવા જઈ રહી છે. કેન્દ્રીય કેબિનેટે આ સંબંધિત દરખાસ્તને આપી દીધી મંજૂરી...

- **નિર્ણય: ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબજી સુધી રોપવે બનાવવામાં આવશે.**
- **અસર:** ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબ સુધી 2,730.13 કરોડ રૂપિયાના ખર્ચે રોપવે બનાવવામાં આવશે. રોપવે દ્વારા દર કલાકે 1100 મુસાફરો અને દરરોજ 11 હજાર મુસાફરો મુસાફરી કરી શકશે. હેમકુંડ સાહિબ ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલું છે. સમુદ્ર સપાટીથી તેની ઊંચાઈ 15 હજાર ફૂટ છે. અહીં સ્થાપિત ગુરુદ્વારા વર્ષમાં લગભગ 5 મહિના ખુલ્લું રહે છે. દર વર્ષે લગભગ 2 લાખ યાત્રાળુઓ અહીં આવે છે. હાલમાં હેમકુંડ સાહિબની યાત્રા ગોવિંદઘાટથી 21 કિમીની પડકારજનક ચઢાણ છે અને તે પગપાળા, ટટ્ટુ અથવા પાલખી દ્વારા પૂર્ણ કરી શકાય છે. પ્રસ્તાવિત રોપવે હેમકુંડ સાહિબની મુલાકાત લેનારા તીર્થયાત્રીઓ અને વેલી ઓફ ફ્લાવર્સની મુલાકાત લેતા પ્રવાસીઓને સુવિધા પૂરી પાડશે. આના દ્વારા યાત્રા માત્ર 42 મિનિટમાં પૂર્ણ થશે.






## સોનપ્રયાગથી કેદારનાથ

સુધી રોપવે પ્રોજેક્ટને મંજૂરી

| કિંમત | લંબાઈ |
|---|---|
| 4,081.28 કરોડ | 12.9 કિ.મી. |

**1800** લોકોને દર કલાકે એક તરફથી અને દિવસમાં 18,000 મુસાફરોને લઈ જવાની ક્ષમતા.


**16** કિમીનું મુશ્કેલ ચઢાણ ગૌરીકુંડથી કેદારનાથ મંદિર સુધી

**36** મિનિટમાં પૂરી થશે આ યાત્રા, હાલમાં તેમાં 9 કલાક લાગે છે

**06** વર્ષમાં પૂર્ણ થશે કામ, આ પ્રોજેક્ટને જાહેર-ખાનગી ભાગીદારી હેઠળ બનાવવામાં આવશે.

- **નિર્ણય: પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ (LH-DCP)માં સુધારાને મંજૂરી.**
- **અસર:** આ યોજના રસીકરણ, દેખરેખ અને આરોગ્ય સુવિધાઓના અપગ્રેડેશન દ્વારા પશુધન રોગોના નિવારણ અને નિયંત્રણમાં મદદ કરશે. આ યોજના ઉત્પાદકતામાં સુધારો કરશે. રોજગારીનું સર્જન થશે, ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળશે અને રોગોના ભારણને કારણે ખેડૂતોને થતા આર્થિક નુકસાનને રોકવામાં આવી શકાશે.

> કેબિનેટે બે મહત્વપૂર્ણ નિર્ણયો લેતા દેવભૂમિ ઉત્તરાખંડમાં બે નવા રોપવેને મંજૂરી આપી છે. સોનપ્રયાગથી કેદારનાથ અને ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબજી સુધીના આ નિર્માણથી શ્રદ્ધાળુઓનો સમય બચશે. તેમની યાત્રા સરળ બનશે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



# જરૂરિયાતમંદોનું સશક્તિકરણ...

## વિકસિત રાષ્ટ્ર તરફ પ્રથમ પગલું

*ગરીબી નાબૂદ કરવા માટેના સતત પ્રયાસોની પ્રતિબદ્ધતા આજે નવા ભારતની ઓળખ બની ગઈ છે. વિકાસના કેન્દ્રમાં મહિલાઓનું સશક્તિકરણ તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે 2014માં આના માટે ખાસ પ્રયાસો શરૂ કર્યા હતા, આને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલી યોજનાઓએ ઘણા સીમાચિહ્નો પાર કર્યા, પરંતુ પ્રયાસોનો અનુક્રમ હવે નવા પરિમાણો સાથે લક્ષ્યથી ઘણો આગળ વધી ગયો છે. છેલ્લા દશકના આ પ્રયાસો સાથે ભવિષ્યની સ્થિતિ અને દિશાનો ઉલ્લેખ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની બે દિવસીય મુલાકાત દરમિયાન કર્યો હતો, જ્યાં સુરતમાં તેમણે ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કર્યું હતું અને નવસારીમાં તેમણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર લખપતિ દીદીઓ સાથે કર્યો સંવાદ...*

ભારતે છેલ્લા દશકમાં ગરીબોને સશક્ત બનાવવા માટે મિશન મોડમાં કામ કર્યું છે. ગરીબોની આસપાસ એક એવું રક્ષણાત્મક કવચ તૈયાર કર્યું કે તેમને કોઈની પાસે હાથ ફેલાવવાની જરૂર ન પડે. પાક્કુ ઘર, શૌચાલય, ગેસ કનેક્શન, નળ કનેક્શન, પીએમ પોષણ, સક્ષમ આંગણવાડી, માતૃવંદના, ડીબીટી અને 5 લાખ રૂપિયા સુધીની મફત સારવારની સાથે વેપારની શરૂઆત કરવા માટે પીએમ સ્વાનિધિ, પીએમ મુદ્રા જેવી યોજનાઓએ સુધારણાની એક નવી પટકથા લખી છે. સુરતમાં ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના આ પ્રયાસોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ગરીબોના ઘરમાં ચૂલો ન સળગે, બાળકો આંસુ વહાવતા સૂઈ જાય તે ભારતને હવે સ્વીકાર નથી. પ્રધાનમંત્રી મોદીએ કોવિડ






# નવસારીમાં સ્ત્રી શક્તિને સલામ...

## પીએમએ કહ્યું- મારા જીવનના અકાઉન્ટમાં કરોડો માતાઓ અને બહેનોના આશીર્વાદ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવસારીના વાંસી-બોરસી ગામમાં લગભગ 1.5 લાખ લખપતિ દીદીઓને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ છું. મારા જીવનના અકાઉન્ટમાં કરોડો માતા-બહેનોના આશીર્વાદ છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણા શાસ્ત્રોમાં સ્ત્રીને નારાયણી કહેવામાં આવી છે. એટલે વિકસિત ભારત બનાવવા માટે, ભારતના ઝડપી વિકાસ માટે આજે ભારત મહિલા કેન્દ્રિત વિકાસના માર્ગ પર આગળ ચાલી રહ્યું છે. સરકાર મહિલાઓના જીવનમાં સન્માન અને સુવિધા બંનેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે રાજકારણનું મેદાન હોય કે રમતગમતનું મેદાન, ન્યાયતંત્રનું હોય કે પોલીસનું, દેશના દરેક ક્ષેત્રમાં, દરેક પરિમાણમાં મહિલાઓનો ધ્વજ લહેરાઈ રહ્યો છે. 2014 પછી દેશના મહત્ત્વપૂર્ણ પદો પર મહિલાઓની ભાગીદારી ઘણી ઝડપથી વધી છે. 2014 પછી જ કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલા મંત્રીઓની નિમણૂક કરવામાં આવી. સંસદમાં પણ મહિલાઓની હાજરીમાં મોટો વધારો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. લગભગ અડધા સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે. ભારત અવકાશ અને સ્પેસ સાયન્સમાં અનંત ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. મોટાભાગના મુખ્ય મિશનનું નેતૃત્વ મહિલા વૈજ્ઞાનિકોની ટીમો કરી રહી છે. આપણને બધાને એ જોઈને ગર્વ થાય છે કે આજે દુનિયામાં સૌથી મોટી સંખ્યામાં મહિલા પાયલટ આપણા ભારતમાં છે.

પીએમ મોદી સાથેની વાતચીતમાં લખપતિ દીદીઓએ વિવિધ પ્રકારના વ્યવસાયોમાંથી 1 લાખ રૂપિયાથી વધુ વાર્ષિક કમાણી વિશે જાણકારી આપી. આના પર પીએમ મોદીએ કહ્યું કે મારું સપનું 3 કરોડ લખપતિ દીદી બનાવવાનું છે, પણ લાગે છે કે તમે લોકો 5 કરોડનો આંકડાએ પહોંચાડી દેશો.

### જી-મૈત્રી અને જી-સફળની શરૂઆત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવસારીમાં મહિલા દિવસ પર આયોજિત અન્ય એક કાર્યક્રમમાં ગુજરાત સરકારના જી-સફળ અને જી-મૈત્રી કાર્યક્રમોનો શુભારંભ કરાવ્યો. જી-મૈત્રી યોજના ગ્રામીણ આજીવિકા માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય અને સમર્થન પૂરું પાડશે. તેવી જ રીતે જી-સફળ યોજના ગુજરાતના બે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ અને 13 મહત્ત્વાકાંક્ષી બ્લોક્સમાં અંત્યોદય પરિવારોની સ્વ-સહાય જૂથની મહિલાઓને નાણાકીય સહાય અને ઉદ્યોગસાહસિકતાની તાલીમ પૂરી પાડશે.

### છ મહિલાઓએ સંભાળ્યું પીએમનું સોશિયલ મીડિયા અકાઉન્ટ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક અનોખું પગલું ભરતા છ પ્રેરણાદાયી મહિલાઓને તેમના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સને સંભાળવાની જવાબદારી સોંપી. આ પગલા દ્વારા પ્રધાનમંત્રી મોદીએ મહિલા સશક્તિકરણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. પીએમ મોદીનું સોશિયલ મીડિયા અકાઉન્ટ્સનું સંચાલન કરતી મહિલાઓમાં ચેસ ખેલાડી વૈશાલી રમેશબાબુ, 'મશરૂમ લેડી ઓફ બિહાર' તરીકે જાણીતા અનિતા દેવી, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં પરમાણુ વૈજ્ઞાનિક એલિના મિશ્રા, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના અવકાશ વૈજ્ઞાનિક શિલ્પી સોની, ફ્રન્ટિયર માર્કેટ્સના સ્થાપક અને સીઈઓ અજયતા શાહ અને સામર્થ્યમ સેન્ટર ફોર યુનિવર્સલ એક્સેસિબિલિટીના સ્થાપક ડૉ. અંજલિ અગ્રવાલનો સમાવેશ થાય છે.

સમયગાળા દરમિયાન શરૂ કરાયેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે જ્યારે દેશવાસીઓને સૌથી વધુ મદદની જરૂર હતી, ત્યારે આ અભિયાન દ્વારા કેન્દ્ર સરકાર તેમના ભાગીદાર બનીને તેમની પડખે ઉભી રહી. આજે દર વર્ષે કેન્દ્ર



# ગીરમાં ફોટોગ્રાફી,

## વનતારામાં વન્યજીવન સાથે લાડ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિશ્વ વન્યજીવન દિવસ નિમિત્તે 1 થી 3 માર્ચ દરમિયાન ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે હતા. આ દરમિયાન તેમણે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની 7મી બેઠકની અધ્યક્ષતા પણ કરી. બેઠક દરમિયાન રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડે વન્યજીવન સંરક્ષણમાં સરકાર દ્વારા કરવામાં આવેલી વિવિધ પહેલોની સમીક્ષા કરી. બેઠક દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ દેશમાં પ્રથમ વખત રિવર ડોલ્ફિન અંદાજ રિપોર્ટ બહાર પાડ્યો. તેમણે ચિત્તાને મધ્ય પ્રદેશના ગાંધી સાગર અભયારણ્ય અને ગુજરાતના બન્ની ઘાસના મેદાનો સહિત અન્ય વિસ્તારોમાં લાવવાની પણ જાહેરાત કરી. તેમણે જૂનાગઢમાં રાષ્ટ્રીય વન્યજીવન રેફરલ સેન્ટરનો શિલાન્યાસ પણ કર્યો હતો, જે વન્યજીવન સ્વાસ્થ્ય અને રોગ વ્યવસ્થાપનથી સંબંધિત વિવિધ પાસાઓના સંકલન અને વહીવટ માટે એક કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 3 માર્ચે એશિયન સિંહના ઘરના રૂપમાં ઓળખાતા ગુજરાતના ગીર નેશનલ પાર્કની મુલાકાત લીધી હતી. તેમણે એશિયાઈ સિંહોના ફોટોગ્રાફ લીધા. તેમણે કહ્યું કે ગીર આવીને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના મારા કાર્યકાળ દરમિયાન થયેલા સામૂહિક કાર્યની ઘણી યાદો તાજી થઈ ગઈ. જામનગરના વનતારામાં તેમણે વન્યજીવન બચાવ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું.

**2,000 થી વધુ પ્રજાતિઓ વનતારામાં**

**1.5 લાખથી વધુ બચાવેલા, લુપ્તપ્રાય અને જોખમમાં મુકાયેલા પ્રાણીઓ રહે છે**

**આ દરમિયાન પીએમ મોદી એશિયન સિંહના બચ્ચા, સફેદ સિંહના બચ્ચા, ક્લાઉડેડ ચિત્તાના બચ્ચા અને કારાકલના બચ્ચા સહિત વિવિધ પ્રજાતિઓ સાથે રમતા જોવા મળ્યા. તેમણે બચ્ચાઓને ખાવાનું પણ ખવડાવ્યું. ક્લાઉડેડ ચિત્તાનું બચ્ચું એક દુર્લભ અને લુપ્તપ્રાય પ્રજાતિ છે.**

સરકાર આ યોજના પર લગભગ 2.25 લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે, જેથી દરેક ગરીબના ઘરમાં ચૂલો સળગતો રહે. ગુજરાત સરકારની પ્રશંસા કરતા પીએમ મોદીએ કહ્યું કે રાજ્ય સરકારે તેનો વિસ્તાર પણ કર્યો છે. ગુજરાતે આવક મર્યાદામાં વધારો કર્યો, જેથી વધુને વધુ લાભાર્થીઓ આનો લાભ મેળવી શકે. ■

# ઈનોવેશનની

## ધરતી બનતું ભારત...

**દુનિયાને ઝીરોનો કોન્સેપ્ટ આપનારું ભારત આજે અનંત ઈનોવેશનની ધરતી બની રહ્યું છે. આ જ કારણ છે કે ભારત આજે વિશ્વની નવી ફેક્ટરીના રૂપમાં ઉભરી રહ્યું છે, હવે દેશના લોકો ફક્ત કાર્યબળ નહીં, પરંતુ વિશ્વ શક્તિ છે. 21મી સદીના ભારત પર આખી દુનિયાની નજર છે. દુનિયાભરના લોકો ભારત આવવા માગે છે, ભારતને સમજવા માગે છે. ભારતમાં રોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. સાથે જ સેમીકંડક્ટરથી લઈને એરક્રાફ્ટ કેરિયર સુધીના ક્ષેત્રમાં ભારતમાં ખૂલી રહ્યો છે વિકાસનો નવો માર્ગ...**




1 માર્ચના રોજ દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત એનએક્સટી કોન્ક્લેવમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતની આકાંક્ષા દરેક વૈશ્વિક પ્લેટફોર્મ પર પોતાનો ધ્વજ ઊંચો લહેરાતો જોવાની છે અને દેશ આ વિચાર સાથે આગળ વધી રહ્યો છે. દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સપનું અને સંકલ્પ દરેક નાગરિક અને ઉદ્યોગસાહસિકમાં હોવો જોઈએ. દુનિયાભરના દરેક બજાર, ડ્રોઈંગ રૂમ અને ડાઈનિંગ ટેબલ પર એક ભારતીય બ્રાન્ડ દેખાય તે દિશામાં દેશમાં કામ થઈ રહ્યું છે. થોડા વર્ષો પહેલા જ પીએમ મોદીએ દેશ સમક્ષ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ'નું વિઝન રજૂ કર્યું હતું. આજે આ સપનું સાકાર દેખાઈ રહ્યું છે. ભારતના આયુષ ઉત્પાદનો અને યોગ લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. પીએમ મોદી ઈચ્છે છે કે 'મેડ ઈન ઈન્ડિયા'નો મંત્ર સમગ્ર વિશ્વમાં છવાઈ જાય. પીએમ મોદીનું સપનું છે કે જ્યારે લોકો બીમાર હોય ત્યારે 'હીલ ઈન ઈન્ડિયા' વિશે વિચારે, જ્યારે તેઓ લગ્નનું આયોજન કરી રહ્યા હોય, ત્યારે 'વેડ ઈન ઈન્ડિયા' વિશે વિચારે.

ભારતે ગ્લોબલ સાઉથને મજબૂત અવાજ આપ્યો છે અને દ્વીપ રાષ્ટ્રોના હિતોને પ્રાથમિકતા આપી છે. જળવાયુ સંકટને દૂર કરવા માટે ભારતે દુનિયાની સામે મિશન લાઈફ વિઝન રજૂ કર્યું છે. આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ અને આપત્તિ સ્થિતિસ્થાપક માળખા માટે ગઠબંધન જેવી પહેલોનું ભારત નેતૃત્વ કરી રહ્યું છે. ભારત ન ફક્ત વિશ્વને ઉત્પાદનો પૂરા પાડી રહ્યું છે, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં એક ભરોસાપાત્ર અને વિશ્વસનીય ભાગીદાર પણ બની રહ્યું છે.

સસ્તા ઈન્ટરનેટ ડેટાને કારણે દેશમાં મોબાઈલ ફોનની માંગમાં વધારો થયો છે. પીએલઆઈ જેવી યોજનાઓએ માંગને તકમાં પરિવર્તિત કરી છે, જેના કારણે ભારત ફાર્માસ્યુટિકલ્સથી લઈને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાં નિકાસકાર બની



## કોન્ક્લેવમાં પીએમ મોદીનું આ બાબતો પર રહ્યું ફોકસ...



- સેમિકંડક્ટરથી લઈને એરક્રાફ્ટ કેરિયર સુધી બધું જ ભારતમાં બનાવવામાં આવી રહ્યું છે.
- આજે આયુષ ઉત્પાદનો અને યોગ, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે.
- ભારતના સુપરફૂડ, કોફી, બાજરી - શ્રી અન્ન અને મખાના લોકલથી ગ્લોબલ થઈ ગયા છે.



**60%** થી વધુ વિશ્વની હળદરની સપ્લાઈ કરે છે ભારત

- ભારત વિશ્વનો સાતમો સૌથી મોટો કોફી નિકાસકાર દેશ બની ગયો છે.
- ભારતના મોબાઈલ, ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ, દવાઓ વૈશ્વિક ઓળખ બનાવી રહ્યા છે.
- ભારત વિશ્વની નવી ફેક્ટરી બની રહ્યું છે. આપણે ફક્ત કાર્યબળ જ નહીં પણ એક વર્લ્ડ ફોર્સ બની રહ્યા છીએ.
- ભારત જે વસ્તુઓની આયાત કરતું હતું, આજે એવી વસ્તુઓનું એક ઉભરતું નિકાસ કેન્દ્ર બની રહ્યું છે.
- ખેડૂતોના પાક વિશ્વભરના બજારો સુધી પહોંચી રહ્યા છે.
- પુલવામાના બરફના વટાણા, મહારાષ્ટ્રના પુરંદરના અંજીર અને કાશ્મીરના ક્રિકેટ બેટની માંગ હવે દુનિયામાં વધી રહી છે.
- ભારતના સંરક્ષણ ઉત્પાદનો વિશ્વ સમક્ષ ભારતીય એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે.
- છેલ્લા દશકમાં પહેલીવાર અઢી કરોડથી વધુ પરિવારો સુધી વીજળી પહોંચી.
- દેશમાં ઈન્ટરનેટ ડેટા સસ્તો થયો, જ્યારે મોબાઈલ ફોનની માંગ વધી.
- હવે તમે થોડી જ ક્ષણોમાં ITR ફાઈલ કરી શકો છો અને થોડા દિવસોમાં રિફંડ પણ સીધા તમારા ખાતામાં જમા થઈ જાય છે.



**12** લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરી દેવામાં આવી દેશમાં

- વિશ્વને ઝીરોનો કોન્સેપ્ટ આપનાર ભારત આજે અનંત ઈનોવેશનની ભૂમિ બની રહ્યું છે.
- કોવિડ રોગચાળા દરમિયાન દેશની વેક્સીને વિશ્વને ભારતના ગુણવત્તાયુક્ત હેલ્થ કેરના ઉકેલોનું મોડેલ આપ્યું.
- 2025-26ના બજેટમાં 50 હજાર નવી અટલ ટિંકરિંગ લેબ્સની જાહેરાત.

**આપણે વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલના વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત થતા જોઈ રહ્યા છીએ. આપણા આયુષ ઉત્પાદનો અને યોગ, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. આજે ભારતનું સુપરફૂડ, આપણા મખાના, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. ભારતના શ્રીઅન્ન પણ લોકલથી ગ્લોબલ થઈ ગયા છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



દેશના સંશોધકોએ ચિંતાઓને દૂર કરી: વન નેશન વન સબસ્ક્રિપ્શનનો નિર્ણય લેવામાં આવ્યો. આનાથી દેશના દરેક સંશોધક માટે દુનિયાની ફેમસ જર્નલ્સ સુધી ફ્રી પહોંચ સુનિશ્ચિત થઈ.

**6** હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવા જઈ રહી છે આના પર સરકાર

ગયું છે. વિશ્વના ઘણા દેશો ભારતના ડિજિટલ જાહેર માળખા, ઈન્ડિયા સ્ટેકથી જોડાવા માટે કરારો પર હસ્તાક્ષર કરી રહ્યા છે. ભારત એક મુખ્ય અંતરિક્ષ શક્તિ છે અને અન્ય દેશોને પણ તેમની અવકાશ મહત્ત્વાકાંક્ષાઓને સાકાર કરવામાં મદદ કરી રહ્યું છે. ભારત સાર્વજનિક કલ્યાણ માટે AI પર કામ કરી રહ્યું છે અને પોતાનો અનુભવ અને કુશળતા વિશ્વ સાથે શેર કરી રહ્યું છે. ■

# મોરેશિયસમાં વસે છે મિનિ ભારત





**નજીકના દરિયાઈ પાડોશી, હિંદ મહાસાગરમાં એક મુખ્ય ભાગીદાર અને આફ્રિકન ખંડના પ્રવેશદ્વાર કહેવાતા મોરેશિયસ સાથે ભારતના ઐતિહાસિક, ભૌગોલિક અને મજબૂત સાંસ્કૃતિક સંબંધો છે. સોનેરી ભૂતકાળના પાયા પર આધારિત આ સંબંધોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બે દિવસીય મોરેશિયસની મુલાકાતે ઉમેર્યો વધુ એક નવો ઉજ્જવળ અધ્યાય...**

ભારત અને મોરેશિયસ ફક્ત ઈતિહાસ દ્વારા જ નથી જોડાયેલા, પરંતુ ભવિષ્યની શક્યતાઓ દ્વારા પણ જોડાયેલા છે. બંને દેશો વચ્ચેનો ઊંડો સ્નેહ એ હકીકત પરથી પણ સમજી શકાય છે કે મોરેશિયસની કુલ વસ્તીના લગભગ 70% લોકો ભારતીય મૂળના છે. બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો અંદાજ એ વાત પરથી પણ લગાવી શકાય છે કે મોરેશિયસ આઝાદ તો 1968માં થયું હતું, પરંતુ ભારતે 1948થી જ મોરેશિયસ સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરી લીધા હતા. 12 માર્ચે મોરેશિયસના 57મા રાષ્ટ્રીય દિવસ પર આયોજિત સમારોહમાં હાજરી આપવા પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ સૌહાર્દપૂર્ણ સંબંધોનો ઉલ્લેખ ભારતીય સમુદાયને સંબોધિત કરતી વખતે કર્યો હતો. તેમણે કહ્યું જ્યારે હું 10 વર્ષ પહેલા આ જ તારીખે મોરેશિયસ આવ્યો હતો,

## ભારત-મોરેશિયસમાં વધતા વેપાર સંબંધો

વર્ષ 2005થી ભારત વેપાર અને આર્થિક મોરચે મોરેશિયસના સૌથી મોટા વેપારી ભાગીદારોમાંથી એક રહ્યું છે. 2023-24માં ભારતથી મોરેશિયસ 778.03 મિલિયન ડોલરની નિકાસ કરી હતી, જ્યારે 73.10 મિલિયન ડોલરની આયાત કરી હતી. ભારતથી મોરિશિયસમાં મુખ્યત્વે પેટ્રોલિયમ ઉત્પાદનો, દવાઓ, અનાજ, કપાસ અને ઝીંગા નિકાસ કરવામાં આવે છે, જ્યારે મોરેશિયસથી ભારતમાં વેનીલા, તબીબી ઉપકરણો અને શુદ્ધ તાંબુ જેવા ઉત્પાદનો આયાત કરવામાં આવે છે. 2000થી અત્યારસુધી મોરેશિયસથી ભારતમાં 175 બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ આવ્યું છે, જેનાથી તે ભારતનો ત્રીજો સૌથી મોટો રોકાણકાર દેશ બની ગયો છે.



**ભારત અને મોરેશિયસ વચ્ચેના ઐતિહાસિક સંબંધોનું સન્માન કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મોરેશિયસ સરકારના સર્વોચ્ચ નાગરિક સન્માન ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ હિંદ મહાસાગર 'GCSK'થી સન્માનિત કરવામાં આવ્યા.**

## મોરેશિયસ યાત્રાના મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન...

- ભારતે મોરેશિયસમાં ભારતીય પ્રવાસીઓની સાતમી પેઢી સુધી OCI કાર્ડ આપવાનો નિર્ણય કર્યો.
- પીએમ મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ અને તેમના પત્ની વીણા રામગુલામની સાથે-સાથે રાષ્ટ્રપતિ ધર્મવીર ગોખુલ અને તેમના પત્ની વૃંદા ગોખુલને પણ OCI કાર્ડ સોંપ્યા.
- મોરેશિયસના સ્ટેટ હાઉસમાં ભારત સરકારના સહયોગથી સ્થાપિત આયુર્વેદ ગાર્ડનની પણ પીએમ મોદીએ મુલાકાત લીધી.
- મોરેશિયસમાં 100 કિમી લાંબી પાણીની પાઈપલાઈનને આધુનિક બનાવવા માટે કામ કરવામાં આવશે.
- આગામી પાંચ વર્ષમાં મોરેશિયસના 500 સિવિલ સેવકોને ભારતમાં તાલીમ આપવામાં આવશે. સ્થાનિક ચલણમાં પરસ્પર વેપારનું સમાધાન કરવા માટે પણ એક કરાર થયો.

## ગ્લોબલ સાઉથના જોડાણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ સાથે ટ્રાયોન કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત એક ખાસ કાર્યક્રમમાં મોરેશિયસના ભારતીય સમુદાયને સંબોધિત કર્યો. પ્રધાનમંત્રી મોદીએ એક ખાસ વ્યવસ્થા હેઠળ મોરેશિયસમાં ભારતીય મૂળના લોકોની સાતમી પેઢીને OCI કાર્ડ આપવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે ભારત સરકાર કરારબદ્ધ વારસાને સંવર્ધન કરવાની પહેલને સમર્થન આપશે, જેથી મોરેશિયસમાં ભારતીય મૂળના સમુદાયને તેમના સાંસ્કૃતિક મૂળને જાળવવા અને સંવર્ધન કરવામાં મદદ મળે. આબોહવા પરિવર્તનના સામાન્ય પડકારનો સામનો કરવામાં આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ પહેલમાં મોરેશિયસની ભાગીદારીની ભારતે પ્રશંસા કરી. 'એક પેડ મા કે નામ' પહેલ હેઠળ પીએમ મોદીએ ઐતિહાસિક સર શિવસાગર રામગુલામ બોટનિકલ ગાર્ડનમાં એક છોડ વાવ્યો.

**બંને દેશોના પ્રધાનમંત્રીઓએ મોરેશિયસના રેડુઈટમાં અટલ બિહારી વાજપેયી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક સર્વિસ એન્ડ ઈનોવેશનનું ઉદ્ઘાટન કર્યું.**

તે વર્ષે હોળી એક અઠવાડિયા પહેલા પસાર થઈ ગઈ હતી, ત્યારે હું ભારતમાંથી ફાગણનો ઉત્સાહ મારી સાથે લઈને આવ્યો હતો. હવે આ વખતે હું મોરેશિયસ હોળીના રંગો મારી સાથે લઈને ભારત જઈશ. હું મારી સાથે પવિત્ર સંગમનું પાણી લાવ્યો છું. આ પવિત્ર જળને આવતીકાલે અહીં ગંગા તળાવમાં અર્પણ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો દરમિયાન મહત્ત્વપૂર્ણ કરારો પણ થયા. બંને દેશોએ 8 એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન બંને નેતાઓએ એક સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે મોરેશિયસ અને ભારતે ભાગીદારીને સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો આપવાનો નિર્ણય લીધો છે. ભારત મોરેશિયસના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સુરક્ષામાં સંપૂર્ણ સહયોગ આપશે. કોસ્ટ ગાર્ડની જરૂરિયાતો પૂરી કરવા, મોરેશિયસમાં પોલીસ એકેડમી અને નેશનલ મેરીટાઈમ ઈન્ફોર્મેશન શેરિંગ સેન્ટરની સ્થાપનામાં પણ ભારત સરકાર મદદ કરશે. ડિજિટલ હેલ્થ, આયુષ સેન્ટર, શાળા શિક્ષણ, કૌશલ્ય અને ગતિશીલતામાં સહયોગ વધારવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માનવ વિકાસમાં ઉપયોગ સાથે મળીને કરવા પર સર્વસંમતિ બની છે. મોરેશિયસના લોકો માટે ભારતમાં ચાર ધામ યાત્રા અને રામાયણ ટ્રેઈલ માટે સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે ભારત મોરેશિયસમાં નવા સંસદ ભવનના નિર્માણમાં સહયોગ કરશે. આ લોકશાહીની જનની તરફથી મોરેશિયસને ભેટ હશે.

ગ્લોબલ સાઉથ માટે એક નવું વિઝન રજૂ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે મોરેશિયસ આપણો એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. સાગર (સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રીજન)ની પરિકલ્પનાનો પાયો 10 વર્ષ પહેલા મોરેશિયસમાં નંખાયો હતો. 'ગ્લોબલ સાઉથ' માટેનું અમારું વિઝન મહાસાગર (મ્યુચ્યુઅલ એન્ડ હોલિસ્ટિક એડવાન્સમેન્ટ ફોર સિક્યોરિટી એન્ડ ગ્રોથ અક્રોસ રીજન) એટલે કે સમગ્ર ક્ષેત્રોમાં સુરક્ષા અને વિકાસ માટે પરસ્પર અને સર્વાંગી વિકાસ થશે. અમારો અભિગમ વિકાસ માટે વેપાર, પ્રગતિ માટે કૌશલ્ય વિકાસ અને સહિયારા ભવિષ્ય માટે પરસ્પર સુરક્ષા પર કેન્દ્રિત છે. તમને જણાવી દઈએ કે ભારત સરકારે 2015માં હિંદ મહાસાગરમાં પોતાની હાજરી વધારવા માટે સાગર પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. ■

# જેમનું આખું જીવન રહ્યું સ્વચ્છતાને સમર્પિત

**જન્મ - 2 એપ્રિલ 1943 ■ નિધન - 15 ઓગસ્ટ 2023**



**બિહારની પવિત્ર ભૂમિમાં જન્મેલું એક બાળક, જેના પોતાના ઘરમાં શૌચાલય નહોતું... શૌચ માટે પરિવારની સ્ત્રીઓની ઘરની બહાર જવાની મજબૂરીએ આગળ ચાલીને તેને દેશમાં શૌચાલય ક્રાંતિના પિતા બનાવ્યા. તેમનું નામ ડૉ. બિંદેશ્વર પાઠક છે... મહિલાઓના આત્મસન્માન માટે સુલભ સ્વચ્છતા કોમ્પલેક્ષનો તેમનો વિચાર 2014માં એ જન આંદોલન માટે પ્રેરણા બન્યો, જેના દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશનના રૂપમાં સ્વચ્છતાને બનાવ્યું એક જન આંદોલન...**

એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા ડૉ. બિંદેશ્વર પાઠકના સ્વચ્છતા પ્રત્યેના પ્રેમની કહાની 6 વર્ષની ઉંમરે શરૂ થાય છે, જેને સામાન્ય રીતે રમત, રમકડા અને કહાનીઓની ઉંમર કહેવામાં આવે છે. એક દિવસ અચાનક તેણે એક સ્ત્રીને સ્પર્શ કર્યો, જેને આ સંકુચિત સમાજમાં અસ્પૃશ્ય કહીને બોલાવવામાં આવતી હતી. દાદીએ તેને સજા કરી, પરિવારના સભ્યો ગુસ્સે થયા, પરંતુ બાળકના બાળમનમાં આ અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા. તેણે એ પણ જોયું કે ઘરમાં શૌચાલય ન હોવાને કારણે પરિવારની મહિલાઓને શૌચ માટે બહાર જવું પડે છે. આ ઘટનાઓનો તેમના પર એટલો પ્રભાવ પડ્યો કે જ્યારે તેઓ મોટા થયા, ત્યારે તેમણે સ્વચ્છતાને પોતાના જીવનનો ધ્યેય બનાવી લીધો. જ્યારે તેમણે શૌચાલય જેવા વિષયો પર કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. તેમને ઘણા સંઘર્ષમાંથી પસાર થવું પડ્યું અને લોકોની ટીકા પણ સાંભળવી પડી. લોકો તેમનો મજાક પણ ઉડાવતા હતા, પરંતુ સમાજ સેવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા એટલી મોટી હતી કે તેમણે પોતાનું જીવન આ કાર્યમાં સમર્પિત કરી દીધું. ડૉ. પાઠક એ માર્ગ પર અડગ અને દૃઢ રહ્યા અને મહાત્મા ગાંધીના સ્વચ્છતા અંગેના વિચારોનો સંસ્થાકીય ઉકેલ આપ્યો.

લોકશાહીની ભૂમિ વૈશાલીમાં 2 એપ્રિલ 1943ના રોજ જન્મેલા ડૉ. બિંદેશ્વર પાઠકે સ્વચ્છતાના વિચારને ખૂબ જ ઈનોવેટિવ રીતે એક સંસ્થાનું સ્વરૂપ આપ્યું. વર્ષ 1968માં તેમણે ડિસ્પોજલ કમ્પોસ્ટ શૌચાલય બનાવ્યું, જેને ઓછા ખર્ચે ઘરની આસપાસ મળતી સામગ્રીનો ઉપયોગ કરીને બનાવી શકાય છે. વર્ષ 1970માં સુલભ ઈન્ટરનેશનલ સર્વિસ ઓર્ગેનાઈઝેશનનો પાયો નાખવામાં આવ્યો હતો. 1973માં ડૉ. પાઠકના અભિયાનમાં એક મોટો વળાંક ત્યારે આવ્યો, જ્યારે બિહારની આરા નગરપાલિકાના એક અધિકારીએ તેમને 500 રૂપિયા આપીને પાલિકા પરિસરમાં બે શૌચાલય બનાવવા કહ્યું. ત્યાં સૂકા શૌચાલયને ડૉ. બિંદેશ્વર પાઠકે સુલભ શૌચાલયમાં રૂપાંતરિત કર્યું અને તે કાર્ય માટે તેમની ખૂબ પ્રશંસા થઈ. અહીં ધીમે-ધીમે તેમનું આ અભિયાન ઝડપથી આગળ વધ્યું. બિહારમાં એક પછી એક ઘણા શૌચાલયો બનાવવામાં આવ્યા.

દેશભરમાં સુલભ સંસ્થાએ 10,123થી વધુ જાહેર શૌચાલયો, લગભગ 16 લાખ ઘરોમાં શૌચાલયો, 32 હજારથી વધુ શાળાઓમાં શૌચાલયો, લગભગ 2,500 ઝૂંપડપટ્ટીઓમાં શૌચાલયો, 200થી વધુ બાયોગેસ પ્લાન્ટ અને 12થી વધુ આદર્શ ગામડાઓનું નિર્માણ કર્યું છે. એટલું જ નહીં 10 હજારથી વધુ લોકોને હાથથી મેલું ઉપાડવાની દુષ્ટ પ્રથામાંથી બહાર લાવવાનો શ્રેય પણ ડૉ. બિંદેશ્વર પાઠકને જાય છે. તેમણે વૃંદાવન, કાશી, ઉત્તરાખંડ અને અન્ય વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ સંબંધિત ઘણું કામ કર્યું. ખાસ કરીને એવી લાચાર મહિલાઓ, જેમની મદદ કરવા માટે કોઈ નહોતું, તેમના માટે મોટી ઝુંબેશ શરૂ કરી. 15 ઓગસ્ટ 2023ના રોજ ડૉ. બિંદેશ્વર પાઠકનું અવસાન થયું. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને યાદ કરતાં કહ્યું, તેઓ એક સ્વપ્નદૃષ્ટા હતા જેમણે સામાજિક પ્રગતિ અને વંચિતોને સશક્ત બનાવવા માટે વ્યાપકપણે કાર્ય કર્યું. અમારી વિવિધ વાતચીત દરમિયાન સ્વચ્છતા પ્રત્યેનો તેમનો જુસ્સો હંમેશાં દેખાતો હતો. સામાજિક કાર્યના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ડૉ. પાઠક (મરણોત્તર) ને 'પદ્મ વિભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■



X



PMO India @PMOIndia

हम सभी को अपने खाने के तेल में 10% की कटौती करनी चाहिए।

हमें हर महीने 10% कम तेल में काम चलाने का प्रयास करना है।

मोटापा कम करने की दिशा में ये एक बहुत बड़ा कदम होगा: PM @narendramodi



रक्षा मंत्री कार्यालय/ RMO India @DefenceMinIndia

आज जिस तरह से हमारी Air force की ताकत बढ़ रही है, उसमें हमारे जाँबाज और बहादुर Air warriors का तो योगदान है ही, लेकिन मैं समझता हूँ आपके द्वारा निर्मित equipment भी उतने ही महत्त्वपूर्ण हैं। आपके equipment ही हमारे Air warriors को वह ताकत प्रदान करते हैं, जिससे वो हमारी सीमाओं की सुरक्षा मजबूती के साथ कर पाते हैं: रक्षा मंत्री श्री @rajnathsingh



Amit Shah @AmitShah

बाबा केदारनाथ व हेमकुंड साहिब के तीर्थयात्रियों को आज मोदी जी ने बड़ी सौगात दी।

केन्द्रीय कैबिनेट ने उत्तराखंड में 'सोनप्रयाग से केदारनाथ' और 'गोविंदघाट से हेमकुंड साहिब' तक, दो रोपवे परियोजनाओं को मंजूरी दी है। इससे यहाँ आने वाले श्रद्धालुओं का समय बचेगा और यात्रा अधिक सुगम होगी। साथ ही, इन तीर्थ क्षेत्रों के दर्शन की समयावधि के विस्तार के साथ-साथ पर्यटन व रोजगार को भी बढ़ावा मिलेगा।



Nitin Gadkari @nitin_gadkari

गरिबों के अच्छे स्वास्थ्य के लिए, उन्हें कम लागत में दवा उपलब्ध कराने के उद्देश्य से प्रधानमंत्री श्री @narendramodi जी द्वारा कार्यान्वित 'प्रधानमंत्री भारतीय जन औषधि परियोजना' के अंतर्गत देश के गरिबो को दवाएं औसत बाजार मूल्य की तुलना में 50 से 90 प्रतिशत तक सस्ती मिलती है। सस्ती दवा के साथ साथ जन औषधि परियोजना रोजगार भी उपलब्ध करा रही है।



Dharmendra Pradhan @dpradhanbjp

Women-led development and women's empowerment has been at the heart of PM @narendramodi ji's governance model.

In the last ten years, Govt. of India has adopted a multi-sectoral approach to empower and uplift women, boost their participation in decision-making process, give them their fair share and make them equal partners in national progress. #WomensDay



Gajendra Singh Shekhawat @gssjodhpur

पीएम सूर्य योजना से जुड़े 10 लाख घर, बिजली के क्षेत्र में भारत बन रहा आत्मनिर्भर।

प्रधानमंत्री श्री @narendramodi जी के मार्गदर्शन में भारत का ऊर्जा जगत नित नई ऊंचाइयों को छू रहा है।

#10LakhsForPMSuryaGhar



महिलाओं ने संभाला पीएम का सोशल मीडिया अकाउंट : मोदी बोले-मेरे खाते में करोड़ों माताओं-बहनों का आशीर्वाद

## महिला नेतृत्व वाले विकास के मार्ग पर चल रहा भारत

महिलाओं की सुरक्षा प्राथमिकता

मोटापे के खिलाफ प्रधानमंत्री नरेंद्र मोदी की फिट इंडिया अपील

## मोटापे के खिलाफ उतरें मैदान में, खाने के तेल में करें 10% की कटौती

देश में 25 हजार जन औषधि का लक्ष्य

प्रधानमंत्री ने दादरा और नगर हवेली, दमन एवं दीव में कई परियोजनाओं की अ

## सस्ती दवाओं के लिए 25 हजार जन औषधि केंद्र खुलेंगे : मोदी

घोषणा

## मॉरिशस महज साझेदार नहीं यह हमारा परिवार : मोदी

पीएम ने भारतीय समुदाय को किया संबोधित

प्रवासियों से मुलाकात के दौरान बच्चो से हाथ मिलाते मोदी। एजेंसी

पोर्ट लुई। प्रधानमंत्री नरेंद्र मोदी ने मॉरिशस को भारत और वैश्विक दक्षिण के बीच एक सेतु बताते हुए कहा कि यह द्वीपीय राष्ट्र भारत का एक परिवार है, न कि सिर्फ साझेदार देश। मॉरिशस एक 'मिनी इंडिया' है। पीएम मोदी भारतीय समुदाय को संबोधित कर रहे थे।

मोदी ने कहा, हमारे लिए मॉरिशस एक मजबूत रिश्ता है जिसकी जड़ें इतिहास, विरासत और मानवीय भावना से जुड़ी हैं। ...

## माधव टाइगर रिजर्व को लेकर पीएम ने कहा, अद्भुत समाचार है

नईदुनिया प्रतिनिधि, शिवपुरी : मध्य प्रदेश में शिवपुरी के माधव नेशनल पार्क को टाइगर रिजर्व का दर्जा मिलने पर प्रधानमंत्री नरेन्द्र मोदी ने पोस्ट में मध्य प्रदेश में बाघ संरक्षण को लेकर मिली उपलब्धि की सराहना की है। उन्होंने एक्स.पर केंद्रीय पर्यावरण, वन और जलवायु परिवर्तन मंत्री भूपेंद्र यादव के पोस्ट ...

पीएम नरेन्द्र मोदी • फाइल फोटो

बाघ अभयारण्य के रूप में अपने ...

## मोदी को मॉरीशस का सर्वोच्च सम्मान

एजेंसी/पोर्ट लुइस

मॉरीशस के प्रधानमंत्री ने प्रधानमंत्री नरेन्द्र मोदी को अपने सर्वोच्च सम्मान ग्रैंड कमांडर ऑफ द आर्डर, ऑफ द स्टार एंड की ऑफ द इंडियन ओशन से नवाजा। प्रधानमंत्री मोदी यह सम्मान पाने ...

भारतीय समुदाय को सम्बोधित ... किया। उन्होंने कहा कि मॉरीशस से उनका गहरा रिश्ता है। इस सम्मान को स्वीकार करते हुए उन्होंने कहा कि यह सभी भारतीयों का भी सम्मान है जिन्होंने इसे ऊंचाइयों तक पहुंचाया। ... मॉरीशस की जनता और सरकार ...

## पीएम मोदी ने दी बधाई

### एक असाधारण खेल और एक असाधारण परिणाम

टीम इंडिया की जीत पर प्रधानमंत्री नरेंद्र मोदी और केंद्रीय गृह मंत्री अमित शाह सहित कई नेताओं ने भारतीय टीम की जीत पर बधाई दी है। पीएम मोदी ने एक्स पर एक पोस्ट में कहा कि एक असाधारण खेल और एक असाधारण परिणाम। आईसीसी चैंपियंस ट्रॉफी घर लाने के लिए हमारी क्रिकेट टीम पर गर्व है। उन्होंने पूरे टूर्नामेंट में शानदार प्रदर्शन किया है। शानदार प्रदर्शन के लिए हमारी टीम को बधाई।

બાબા સાહેબની 135મી જન્મજયંતિ

## યુગ દ્રષ્ટા

# બાબા સાહેબ ને નમન

જન્મ- 14 એપ્રિલ 1891, મૃત્યુ- 6 ડિસેમ્બર 1956

**સમતા, સમાનતા અને ન્યાયની ભાવના ભારતના સામાજિક માળખાની પરિકલ્પનામાં સદીઓથી રહી છે. આ માટે હજારો વર્ષ પહેલા ભગવાન બુદ્ધે કરુણાનો માર્ગ બતાવ્યો હતો, જ્યારે આધુનિક ભારતમાં બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરે સામાજિક અને આર્થિક ન્યાયનો માર્ગ મોકળો કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે કેન્દ્ર સરકાર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ, સબકા વિશ્વાસ'ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે, જે બાબા સાહેબના સર્વસ્પર્શી સમાનતાવાદી સમાજની પરિકલ્પનાથી પ્રેરિત છે. કેન્દ્ર સરકારે દિલ્હીમાં અલીપુર, મધ્ય પ્રદેશમાં મહુ, મુંબઈમાં ઈન્દુ મિલ, નાગપુરમાં દીક્ષા ભૂમિ અને લંડનમાં તેમના ઘરને 'પંચતીર્થ' તરીકે વિકસાવ્યું છે, જેથી રાષ્ટ્ર નિર્માણમાં બાબા સાહેબના યોગદાનથી યુવા પેઢીને મળે પ્રેરણા...**



*ડૉ. બાબા સાહેબ આંબેડકરને તેમની જયંતિ પર નમન કરું છું. ભારતની પ્રગતિમાં તેમણે અમૂલ્ય યોગદાન આપ્યું છે. આજનો દિવસ આપણા દેશ માટે તેમના દ્વારા જોવાયેલા સપનાને પૂર્ણ કરવાના સંકલ્પને પુનરાવર્તિત કરવાનો છે.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*


ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

RNI No. : DELGUJ/2020/78810 April 1-15, 2025

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2023-25, WPP NO U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 26-30 advance Fortnightly (Publishing March 17, 2025, Pages - 44)

Editor in Chief
Dhirendra Ojha
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Yogesh Kumar Baweja,
Director General, on behalf of
Central Bureau Of Communication

Published from:
Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan,
New Delhi -110003

Printed at
Chandu Press, 469, Patparganj
Industrial Estate, Delhi 110 092

Gujarati